આ સત્રમાં, અમે દેવના સારા, ઉત્તમ અનેસૌથી ઉત્તમ આશીર્વાદો વિશે અને તે અન્ય લોકો સાથે કેવી રીતે વહેંચી શકીએ તે વિશે વાત કરીશું. જ્યારે કોઈ ઈસુને અનુસરવાનું પસંદ કરે છે, ત્યારે તમે તેમને સાચા રસ્તેથી આગળ વધવામાં કેવી રીતે સહાય કરો છો? તમે તેમને દેવના રાજ્યના ફક્ત ઉપભોક્તા બનવા નહીં પરંતુ ઉત્પાદક બનવામાં કેવી રીતે સહાય કરો છો? દેવ, જે બધા આશીર્વાદ આપવા તૈયાર છે તે પ્રાપ્ત કરવામાં તમે તેમને કેવી રીતે સહાય કરો છો?

હું તેમને આ કહીને પ્રારંભ કરું છું ...

- ઈસુને અનુસરવાનું આશીર્વાદ છે.
- ઈસુને અનુસરવા અન્યને દોરવાનું એ એક મહાન આશીર્વાદ છે.
- નવો આધ્યાત્મિક પરિવાર શરૂ કરવો એ એક મોટો આશીર્વાદ છે.
- બીજાને નવા આધ્યાત્મિક પરિવારો શરૂ કરવા સજ્જ કરવા સૌથી મોટો આશીર્વાદ છે.

તમે ઈસુને અનુસરવાનું પસંદ કર્યું છે અને તેથી દેવ તમને આશીર્વાદ આપે છે. હું ઈચ્છું છું કે તમે પણ દેવનો સારા આશીર્વાદ, ઉત્તમ આશીર્વાદ અને સૌથી ઉત્તમ આશીર્વાદ મેળવો. શું હું તમને બતાવી શકુંકઈ રીતે ?

જો તેઓ વધુ જાણવા માંગતા હોય, તો હું તેઓને ૧૦૦ લોકોની સૂચિ બનાવવા માટે કહું છું જેમને તેઓ પહેલેથી જાણતા હોય. પછી હું તેમને તે સૂચિમાંથી પાંચ લોકોને પસંદ કરવા કહું છું - પાંચ લોકો જે ઈસુને જાણતા નથી - પાંચ લોકો જેની સાથે તેઓ હમણાં જ વહેંચવા માંગે છે.

ઈસુને અનુસરવાનો આશીર્વાદ છે. તમે આ આશીર્વાદ બીજા કોની સાથે વહેંચવા માંગો છો?

હું તેમને તેમની જુબાની કેહવા કહું છું. દેવ તેમના જીવનમાં શું કરી રહ્યા છે તેની વાર્તા - . હું તેમને ગોસ્પેલની વાર્તા કરવાનું શીખવું છું - દેવ વિશ્વમાં શું કરે છે તેની વાર્તા. હું તેમને શીખવું છું કે દેવના સારા, ઉત્તમ અને સૌથી ઉત્તમ આશીર્વાદોકેવી રીતે બીજા ને વેહંચવા.

મેં જેમની સાથે વહેંચવા માટે પસંદ કરેલા પાંચ લોકોમાંના દરેક માટે એક વખત આ વસ્તુઓનો અભ્યાસ કરું છું. પ્રથમ તેમની વાર્તા. પછી દેવની વાર્તા. પછી દેવના આશીર્વાદ. દરેક વખતે, હું તેમની સૂચિમાંથી પાંચ લોકોમાંનો એક હોવાનો ડોળ કરું છું. દરેક વખતે, તેઓ તેમની વાર્તા જણાવે કરે છે. તેઓ દેવની વાર્તા જણાવે કરે છે. તેઓ મનેપણ ઈસુના અનુયાયી બનવાનું આમંત્રણ આપે છે. તેઓ દેવના સારા,ઉત્તમ અને સૌથી ઉત્તમ આશીર્વાદ વિશે શીખવે છે. દરેક વખતે, હું તેમને

પ્રશ્નો પૂછું છું અથવા ટિપ્પણીઓ કરું છું જે મને લાગે છે કે તે વ્યક્તિ કદાચ કરી શકે છે. અમારો અભ્યાસ કર્યા પછી, હું ફરીથી તેમને મળવા માટે કહું છું - જો શક્ય હોય તો માત્ર બે દિવસ પછી - આ વહેંચણી કેવી રીતે ચાલી રહી છે તે જોવા માટે.

હું તેમને તેમની સૂચિમાંથી પાંચ સાથે મળવા માટે પૂરતો સમય આપવા માંગું છું, પરંતુ હું એટલો સમય આપવા માંગતો નથી કે તેઓ તેને મુકી દે અથવા ભૂલી જાય.

હું હંમેશાં ફોન નંબર અથવા ઇમેઇલ સરનામાં અથવા સંપર્કમાં રહેવાની બીજી એવી રીત માંગું છું. હું તેમની સાથે પ્રાર્થના કરું છું કે દેવ, જેવા મને કહયાં છે તે જ રીતે તેમણે યોગ્ય શબ્દો આપશે.

બે દિવસ પછી, અમે ફરીથી મળીશું અને વહેંચણી કેવી રીતે ચાલી રહી છે તે વિશે વાત કરીશું.

જો તેઓ ન વહેંચે , તો હું તેમની સાથે વધુ અભ્યાસ કરવાની પ્રસ્તાવના કરું છું. હું તે પાંચ માથી જે પણ ઉપલબ્ધ હોય તેની સાથે તરત જ જવાની પ્રસ્તાવના કરું છું. હું તેમને વહેંચવાનું શરૂ કરવામાં સહાય કરવા માટે બનતું બધું જ કરું છું. પરંતુ હું નવી વસ્તુઓ વિશે વાત કરીશ નહીં. હું તેઓને પહેલાથી જે શીખ્યા છે તેને વિશ્વાસુ રહેવાની શ્રેષ્ઠ તક આપવા માંગું છું.

જો તેઓ મનાઈ કરે છે અથવા બહાના કરે છે, તો હું દેવને પૂછું છું કે શું આ ખરેખર “સારી જમીન” છે કે જે તેમના રાજ્ય માટે ફળદાયી થશે અથવા મારે બીજે ક્યાંક જઈને રોપણ કરવું જોઈએ.

જો તેઓ વહેંચે છે –તો અમે ઉજવણી કરીએ છીએ!

ભલે તેમની સૂચિમાં કોઈએ વિશ્વાસ ન કર્યો હોય, પણ હું ઉત્સાહિત છું કે તેઓએ સાંભળ્યું, આજ્ઞાકારી બન્યાં અને વ્હેંચ્યું. તે વિશ્વાસુહોવાની નિશાની છે. અને તેઓ થોડા વિશ્વાસુ બન્યાં હોવાથી, વધુ વ્હેંચવામાં મને આનંદ થાય છે.

હું બાપતિસ્મ વિશે વાત કરું છું અને તેમને બીજા સાધન આપુંછું જેનો તેઓ ઉપયોગ કરી શકે છે જેમકે _____ અથવા _____. તેમની ૧૦૦ ની સૂચિમાંથી કેટલાક લોકોને પસંદ કરવાનું કહો - જે લોકો ઈસુને જાણતા નથી અથવા તેમનું પાલન કરતા નથી.

અને પછી હું તેમની સાથે અભ્યાસ કરું છું - પહેલાની જેમ - તેમની વાર્તા સાથે, દેવની વાર્તા સાથે અને દેવના આશીર્વાદ સાથે. અને આપણે પ્રાર્થના કરીએ છીએ. હવે જો તેઓ જુબાની આપે છે અને તેમની સૂચિમાંના કોઈએ વિશ્વાસ કર્યો છે, તો અમે ખરેખર ઉજવીએ છીએ!

દેવનું કુટુંબ મોટું થઈ રહ્યું છે! હું હંમેશાં પૂછું છું કે શું તેઓએ સારા,ઉત્તમ અને સૌથી આશીર્વાદ વિશે વાત કરી છે, કારણ કે આ તે જ છે જે દેવના કુટુંબને વિકસિત રાખે છે.

જો તેઓએ દેવના આશીર્વાદો વિશે વાત ના કરી હોય, તો અમે ફરીથી તેના પર જઈશું - આશીર્વાદો, ઈસુના નવા અનુયાયીઓ કેવી રીતે સૂચિ બનાવી શકે છે,તેઓ કેવી રીતે તેમની વાર્તા કરી શકે છે, દેવની વાર્તા કરી શકે છે અને આશીર્વાદો વહેંચી શકે છે - આ બધું જેથી ઈસુના નવા અનુયાયી પણ વ્હેંચવાનું શીખી શકે છે.

અમારો અભ્યાસ થયા પછી, હું તેમને તે નવા આસ્તિક પાસે પાછા મોકલીશ જેથી તેઓ વ્હેચવાનું ચાલુ રાખી શકે. પરંતુ તેમના વિશે શું છે જેમણે વ્હેંચ્યું છે અને તેમની સૂચિમાંના કોઈએ વિશ્વાસ કર્યો છે અને તેઓએ પણ આશીર્વાદ વહેંચ્યા છે?

જ્યારે આવું થાય છે ત્યારે હું વધારે પડતો ખુશ થાઉ છુ.

આ વ્યક્તિ છે જેને દેવના શબ્દમાં "સારી જમીન" કહેવાય છે - કોઈક જે દેવના કુટુંબને એવી રીતે વિકાસ કરી શકે છે જેરીતે મેં ક્યારેયકોઈને કરતા જોયાં નથી! જ્યારે પણ મને આવું કોઈ મળે છે, ત્યારે હું તેમની સાથે વારંવાર મળવાની યોજના બનાવું છું. હું તેમના આધ્યાત્મિક વિકાસમાં ભારે રોકાણ કરું છું.

હું બાપતિસ્મ જેવા નવા પાઠ અને ત્રણ-તૃતીય જૂથ કેવી રીતે શરૂ કરવું તે જણાવું છું. ઈસુના તે જ નવા અનુયાયીઓથી શરૂ કરીને - હવે તેઓ આધ્યાત્મિક કુટુંબ વધારવાનું શરૂ કરી શકે છે.

તેઓ ખૂબ જ વિશ્વાસુ હોવાથી, હું જેટલું વહેંચી શકું તે વહેંચવા માટે અને દેવ આગળ શું કરે છે તે જોવા માટે ઉત્સાહિત છું. હંમેશાં એક સમયે એક પગલું. હંમેશા તેઓ જે શીખે છે તે જાણવા, આજ્ઞા નું પાલન કરવા અને વ્હેચવાની તક આપવી.

હું પણ આ વ્યક્તિ માટે પ્રાર્થના કરું છું - જેટલી વખત હું કરી શકું - મને તેમની સાથે વહેંચવા અને શીખવાની મંજૂરી આપવા માટે દેવનો આભાર માનું છું અને હંમેશાં તેમના ઉત્તમ આશીર્વાદ આપવા નું તેમની પાસે માંગુ છું.

ચર્ચા કરો

(૧૦ મિનિટ)

- શું તમે જ્યારે પહેલી વાર ઈસુને અનુસરવાનું શરૂ કર્યું ત્યારે તમને આ જ રીત શીખવવામાં આવી હતી? જો ના, તો શું અલગ હતું?
- તમે વિશ્વાસમાં આવ્યા પછી, તમે બીજાને શિષ્ય બનવાનું શરૂ કર્યું તે પહેલાં કેટલો સમય થયો?
- તમને શું લાગે છે કે જો નવા શિષ્યો તરત જ બીજાઓને વહેંચવાનું અને શિસ્તબદ્ધ કરવાનું શરૂ કરે, તો શું થાયે?

ઈસુએ કહ્યું," જ્યારે પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમને સામર્થ્ય પ્રાપ્ત થશે. તમે મારા સાક્ષી બનશો. તમે દરેક જગ્યાએ મારા વિષે લોકોને વાત કરશો. યરૂશાલેમમાં, યહૂદિયામાં, સમરૂનમાં અને પૃથ્વીના છેડા સુધી."

ચર્ચા કરો

(૧૦ મિનિટ)

- જ્યારે તમે ઈશ્વરની "સાક્ષી" બનવાના અને તેમની વાર્તા કહેવાની આજ્ઞા સાંભળો છો, ત્યારે તમને શું યાદ આવે છે?
- તમે શા માટે વિચારો છો કે ઈસુએ પોતાના શુભ સમાચાર જાહેર કરવા માટે બીજી કોઈ રીતને બદલે સામાન્ય લોકોને પસંદ કર્યા?
- ઈશ્વરની વાત કહેવામાં તમને વધારે અનુકૂળતા અનુભવવાની શી જરૂર પડશે?

સુવાર્તા

ઈશ્વરની વાત કહેવાનો બીજો કોઈ એક "શ્રેષ્ઠ માર્ગ" નથી (જેને સુવાર્તા કહેવામાં આવે છે), કારણ કે શ્રેષ્ઠ માર્ગ તમે કોને જણાવી રહ્યા છો તેના પર આધાર રાખે છે. દરેક શિષ્યએ ઈશ્વરની સુવાર્તાને એવી રીતે કહેવાનું શીખવું જોઈએ કે જે શાસ્ત્ર માટે સાચું હોય અને તેઓ જે પ્રેક્ષકો જાણવી રહ્યા છે તેમની સાથે જોડાય.

નીચેના બે પ્રસ્તુતિઓની સમીક્ષા કરો અને પ્રેક્ટિસ માટે એક પસંદ કરો.

વાંચો

(૫ મિનિટ)

પ્રસ્તુતિ ૧

આ સત્રમાં, આપણે શીખીશું કે દેવ ની વાર્તા – સુવાર્તા - સર્જનથી લઈને ચુકાદા સુધી, માનવજાતની શરૂઆતથી આ યુગના અંત સુધી કેવી રીતે બીજાને કરવી. દેવ ની વાર્તા કરવાનીબીજી ઘણી રીતો છે.



શ્રેષ્ઠ રસ્તો જેને તમે સુવાર્તા કહી રહ્યાં છો,તે વ્યક્તિ અને તેના વિશ્વના દૃષ્ટિકોણ અને તેના જીવનના અનુભવો પર આધારીત છે.

દેવ સાંભળવા માટે તૈયાર અને વહેંચવા માટે તૈયાર તેવા હૃદયનો ઉપયોગ કરે છે.

તે તેમનું કામ છે. તે ફક્ત આપણને જોડાવામાટે આમંત્રણ આપે છે.

દેવ ની વાર્તા બીજાને કરવાની એક રીત એ છે કે આ યુગના અંતમાં દેવ ની સૃષ્ટિથી તેમના ન્યાય સુધી સુધી શું બન્યું છે તે સમજાવવું. જ્યારે આપણે આ રીતે દેવ ની કથા કહીએ છીએ, ત્યારે આપણે તેને લાંબી કે ટૂંકી, વિગતવાર અથવા ફક્ત થોડા મુદ્દા માં જણાવી શકીએ છીએ પરંતુ જે સાંભળે છે તેની સંસ્કૃતિ સાથે હંમેશા જોડાયેલ હોઈએ છીએ. વિવિધ સંસ્કૃતિઓ અને વિશ્વના દૃષ્ટિકોણોવાળા લોકો ને તેમની વાર્તા કહેવામાં સહાય કરવા માટે, તમે હાથની મુદ્રા નો પણ ઉપયોગ કરી શકો છો જે શીખવા અને શીખવવાનું સરળ બનાવે છે.

અહીં દેવ ની ખુશખબરની વાર્તા છે -

શરૂઆતમાં, દેવે આખું વિશ્વ અને તેમાંની બધી વસ્તુઓ બનાવી. તેમણે પ્રથમ માણસ અને પ્રથમ મહિલા બનાવી. તેમણે તેમને એક સુંદર બગીચામાં મૂક્યા. તેમણે તેમને તેમના પરિવારનો ભાગ બનાવ્યો અને તેમની સાથે ગાઢ સંબંધ રાખ્યો. તેમણે તેમને હંમેશ માટે જીવંત બનાવ્યાં. મૃત્યુ જેવી કોઈ વાત નહોતી. આવા સંપૂર્ણ સ્થાને પણ, માણસે દેવ ની વિરુદ્ધ બળવો કર્યો અને પાપ અને દુખ ને વિશ્વમાં લાવ્યો. દેવે બગીચામાં માણસનેપ્રતિબંધ કર્યો. માણસ અને દેવ વચ્ચેનો સંબંધ તૂટી ગયો હતો. હવે માણસને મૃત્યુનો સામનો કરવો પડશે.

ઘણા સેંકડો વર્ષોથી, દેવ વિશ્વમાં દુત મોકલતા રહ્યા. તેઓએ માણસને તેના પાપની યાદ અપાવી પણ સાથે તેને દેવ ના વિશ્વાસ અને વિશ્વમાં તારણહાર મોકલવાની ખાતરી આપી.

તારણહાર,દેવ અને માણસ વચ્ચેના ગાઢસંબંધોને ફરીથી સ્થાપિત કરશે. તારણહાર માણસને મૃત્યુથી બચાવશે. તારણહાર માણસ ને અનંતજીવન આપશેઅને હમેશાં તેની સાથ રહશે.

દેવ આપણને એટલો પ્રેમ કરે છે કે જ્યારે સમય યોગ્ય હતો, ત્યારે તેણે તેમના પુત્રને તારણહાર તરીકે વિશ્વમાં મોકલ્યો. ઈસુ દેવ નો પુત્ર હતો. દુનિયા માં તેમનો જન્મ કુમારિકા દ્વારા જ થયો હતો. તેમણે એક સંપૂર્ણ જીવન જીવ્યું. તેમણે ક્યારેય પાપ નહોતું કર્યું .

ઈસુએ લોકોને દેવ વિષે શીખવ્યું. તેમણે તેમની મહાન શક્તિ દર્શાવતા ઘણા ચમત્કારો કર્યા. તેણે ઘણા રાક્ષસો ને હરાવ્યા. તેમણે ઘણા લોકોને સાજા કર્યા. તેમણે આંધળાઓને દેખતા કરી દીધા. તેમણે બહેરાઓને સાંભળતા કર્યા. તેમણે લંગડાઓને ચાલતા કર્યા. ઈસુએ મરેલાને પણ ઉભા કર્યા. ઈસુથી ઘણા ધાર્મિક નેતાઓ ડરતા હતા અને ઈર્ષા કરતા હતાં. તેઓ ઇચ્છતા હતાં કે તેમને મારી નાખવામાં આવે.

તેમણે ક્યારેય પાપ કર્યું ન હોવાથી, ઈસુએ મરી જવું જરૂરી ન હતું. પરંતુ તેમણે આપણા બધા માટે બલિદાન તરીકે મૃત્યુ પામવાનું પસંદ કર્યું, તેમના દુખદાયક મૃત્યુએ માનવજાતનાં પાપોને ઢાંકી દીધાં. આ પછી, ઈસુને એક કબરમાં દફનાવવામાં આવ્યા. દેવે ઈસુએ આપેલું બલિદાન જોયું અને સ્વીકાર્યું. દેવે ત્રીજા દિવસે ઈસુને મરણમાંથી જીવતા કરીને તેની સ્વીકૃતિ દર્શાવી.

દેવે કહ્યું કે જો આપણે આપણા પાપો માટે ઈસુના બલિદાનને માનીએ છીએ અને પ્રાપ્ત કરીએ છીએ - જો આપણે આપણા પાપોથી પાછા વળીને ઈસુને અનુસરીયે ,તો દેવ આપણને બધા પાપથી મુક્ત કરે છે અને આપણને તેના કુટુંબમાં પાછા આવકારે છે.

દેવ પવિત્ર આત્મા ને આપણી અંદર રહેવા અને ઈસુને અનુસરવા માટે સમર્થ બનાવવા માટે મોકલે છે. આ પુન:સ્થાપિત સંબંધોને બતાવવા અને મજબૂત કરવા માટે અમે પાણીમાં બાપ્તિસ્મા પામીયે છીએ. મૃત્યુના પ્રતીક તરીકે આપણે પાણીની નીચે દફનાઇએ છીએ. નવા જીવનના પ્રતીક તરીકે આપણે ઈસુને અનુસરવા માટે પાણીમાંથી ઉભા થયા છીએ. જ્યારે ઈસુ મરણમાંથી ઊભા થયા, ત્યારે તેમણે પૃથ્વી પર ૪૦ દિવસ વિતાવ્યા.

ઈસુએ તેમના અનુયાયીઓને દરેક જગ્યાએ જવા અને વિશ્વભરના દરેકને તેમના મુક્તિના સારા સમાચાર જણાવવાનું શીખવ્યું. ઈસુએ કહ્યું - જાઓ અને બધા દેશોના શિષ્ય બનાવો, તેમને પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે બાપ્તિસ્મા આપો;અને મેં જે આજે જે આજ્ઞા કરી છે તે બધાનું પાલન કરવા તેમને શીખવો. હું હંમેશા તમારી સાથે રહીશ - આ યુગના અંત સુધી પણ.

ઈસુને પછી તેમની આંખો આમે સ્વર્ગ માં લઈ જવામાં આવ્યા. એક દિવસ, ઈસુ જે રીતે ગયા તે જ રીતે ફરીથી આવશે. જેઓ તેમને ચાહતા ન હતા અને તેમનું પાલન કરતા ન હતા તેઓને તે હંમેશાં સજા કરશે. તેમને પ્રેમ કરનારા અને તેમની આજ્ઞા પાળનારાઓ હંમેશા પ્રાપ્ત કરશે અને તેમને બદલો મળશે. આપણે તેમની સાથે નવા સ્વર્ગ અને નવી પૃથ્વી પર હંમેશ માટે જીવીશું.

ઈસુએ મારા પાપો માટે જે બલિદાન આપ્યું છે તે મેં માનું છું અને પ્રાપ્ત કરું છે. તેમણે મને દેવ ના પરિવારના ભાગ રૂપે સ્વચ્છ અને પુનર્સ્થાપિત કર્યો છે. તેઓ મને પ્રેમ કરે છે, અને હું તેમને પ્રેમ કરું છું અને તેમના રાજ્યમાં કાયમ તેની સાથે રહીશ.

દેવ તમને પ્રેમ કરે છે અને ઇચ્છે છે કે તમે પણ આ ભેટ પ્રાપ્ત કરો. શું તમે હમણાં તે કરવા માંગો છો?

વાંચો

(૫ મિનિટ)

પ્રસ્તુતિ 2

ઝુમ તાલીમમાં આપનું સ્વાગત છે.

આ વિભાગમાં , આપણે "ત્રણ વર્તુળ" નામના સાધનનો ઉપયોગ કરીને ઈશ્વરની વાત -સુવાર્તા - ને કેવી રીતે જણાવવી તે શીખીશું.

ઈશ્વરની સુવાર્તા જણાવવાની ઘણી રીતો છે.

શ્રેષ્ઠ માર્ગ તમે જેમને જણાવી રહ્યાં છો તે વ્યક્તિ અને દુનિયાના તેમના દૃષ્ટિકોણ અને તેમના જીવનના અનુભવો પર આધારિત છે. ઈશ્વર સાંભળવા માટે હૃદય તૈયાર કરે છે અને બીજાને જણાવવા માટે હૃદયનો ઉપયોગ કરે છે. તે તેમનું કામ છે. તે ફક્ત આપણને તેમાં જોડાવા માટે આમંત્રણ આપે છે.

ઈશ્વરની સુવાર્તા જણાવવાની એક રીત એ છે કે એક સરળ ચિત્રને દોરવું અને તેનું વર્ણન કરવું જેને આપણે ત્રણ વર્તુળો કહીએ છીએ

આપણે બધા ખૂબ જ કચડાયેલી દુનિયામાં જીવીએ છીએ

આપણે દુ:ખ, મૃત્યુ, યુદ્ધ, રોગ, વ્યસનોની વાર્તાઓ જોઈએ છીએ અને સાંભળીએ છીએ. એ બધી જગ્યાએ છે. પણ આ ઈશ્વરની મૂળ રચના નથી.

ઈશ્વરની મૂળ રચના તો પ્રેમ, આનંદ, એકતા અને શાંતિથી ભરેલી દુનિયા છે.

જે રીતે આપણે ઈશ્વરની સંપૂર્ણ રચનામાંથી બહાર નીકળીને કચડાયેલી દુનિયામાં આવ્યા, એ રીતે બાઇબલમાં તેને "પાપ" કહેવાય છે.
પાપ એ ઈશ્વરના માર્ગથી વિમુખ થઈ રહ્યું છે અને આપણી પોતાની રીતે ચાલી રહ્યું છે. પાપ આપણને ઈશ્વરથી જુદા પાડે છે. પાપ આપણને કચડાયેલી દુનિયામાં ફેંકી દે છે. પાપ આપણને આધ્યાત્મિક મૃત્યુ તરફ દોરી જાય છે.

લોકો કચડાયેલી દુનિયામાંથી બહાર નીકળવા માગે છે. અને બહાર નીકળવા માટે આપણે તમામ પ્રકારની વિવિધ બાબતોનો પ્રયાસ કરીએ છીએ. આપણામાંના કેટલાક નશીલી દવા અને દારૂનો ઉપયોગ કરે છે. આપણામાંના કેટલાક સારી નોકરી મારફતે અથવા ઘણા પૈસા કમાઈને બહાર નીકળવાનો પ્રયાસ કરે છે. આપણામાંના કેટલાકને લાગે છે કે સંબંધો તેમને બહાર કાઢશે. કેટલાક ધર્મનો પ્રયાસ પણ કરે છે - આપણે વિચારીએ છીએ કે સારી વર્તણૂક અથવા બીજાને મદદ કરવાથી આપણને મુક્ત કરવામાં આવશે.

આમાંની કોઈ પણ વસ્તુ ખરેખર કચડાયેલી સમસ્યાને ક્યારેય ઠીક કરી શકતી નથી. જ્યારે આપણને એવું લાગે છે કે આપણે એક ક્ષણ માટે પણ દૂર થઈ જઈએ છીએ ... આપણે જ્યાંથી શરૂઆત કરી હતી ત્યાંથી જ આપણે પાછા સ્થિર થઈ ગયા છીએ. અહીંયા એક કડવું સત્ય છે. જો આપણે હજી પણ - કચડાયેલી દુનિયામાં છીએ - જ્યારે આ જીવનનો અંત આવે છે, ત્યારે બાઇબલ કહે છે કે આપણે કાયમ માટે ઈશ્વરથી અલગ થઈ ગયા છીએ. હંમેશ ને માટે.

બાઇબલ એ જગ્યાને "નરક" કહે છે.

પણ ઈશ્વર નથી ઇચ્છતો કે આપણે કચડાયેલી દુનિયામાં રહીએ.

બાઇબલ જણાવે છે - ઈશ્વરે આપણને એટલો બધો પ્રેમ કર્યો કે તેણે પોતાના એકના એક પુત્રને આપણા માટે માર્ગ બનાવવા મોકલ્યો. ઈસુ આપણા પાપને ધોઈ નાખવા અને આપણને આ કચડાયેલી દુનિયામાંથી દૂર લઈ જવા માટે પૃથ્વી પર આવ્યા હતા.

તેથી, દેવના પુત્ર ઈસુએ, તેમના મૃત્યુ સાથે આપણા પાપોનો નાશ કર્યો.

ઈસુ મૃત્યુ પામ્યા અને તેમને દફનાવવામાં આવ્યા તેના ત્રણ દિવસ પછી, તેઓ મૃત્યુમાંથી ઊઠ્યા. તેમના મહાન બલિદાનને કારણે, ઈશ્વરે ઈસુને સ્વર્ગની દરેક વસ્તુ અને પૃથ્વી પરની દરેક વસ્તુઓનો અધિકારી બનાવ્યો.

રાજા ઈસુએ અમારા માટે કચડાયેલી દુનિયામાંથી રસ્તો બનાવ્યો. ઈશ્વરે કહ્યું કે જો...

… આપણે આપણા પાપમાંથી ફરીએ છીએ...

… અને વિશ્વાસ કરો કે ઈસુ આપણા માટે મૃત્યુ પામ્યા છે...

… અને પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે બાપ્તિસ્મા પામ્યા છે...

પછી ઈશ્વર આપણને - ઈસુની જેમ જ – ઈશ્વરના કુટુંબના ભાગ રૂપે એક નવા પ્રકારના જીવનમાં ચાલવા માટે – હંમેશને માટે ઉછેરે છે.

પછી આપણે આ કચડાયેલી દુનિયામાં આ નવા જીવનનું નમૂનારૂપ બનીએ છીએ. પછી આપણે ઈસુના પાછા આવવાની રાહ જોઈએ છીએ. જ્યારે ઈસુ એક નવું સ્વર્ગ અને નવી પૃથ્વી બનાવશે, જ્યાં આપણે સદાને માટે સંપૂર્ણ રીતે તેમની સાથે રહી શકીશું.

ઈશ્વર ઇચ્છે છે કે આપણે તેમની સાથેના આપણા સંબંધમાં આગળ વધીએ. ઈશ્વર ઇચ્છે છે કે આપણે તેની મૂળ સંપૂર્ણ રચનામાં પાછા આવીએ.

ઈશ્વરના કુટુંબના ભાગ રૂપે, ઈસુ આપણને એક હેતુ આપે છે - જે જીવન જીવવાનું કારણ છે - અને શ્રેષ્ઠ સંભવિત જીવન જીવવાની રીત આપે છે.

ઈસુનો આપણા માટેનો હેતુ જાઓ અને સુવાર્તા આપો.

ઈસુ આપણને મોકલે છે - જેમ કે તેમના પિતા ઈશ્વરે તેમને મોકલ્યા હતા – અન્ય લોકોને મુક્ત કરવા અને ઈશ્વરના કાયમના કુટુંબનો હિસ્સો બનવામાં મદદ કરવા માટે આ કચડાયેલી દુનિયામાં આવ્યા.

આ ત્રણ વર્તુળના દુનિયામાં, ફક્ત બે જ પ્રકારના લોકો છે - -

જે લોકો ... ઈશ્વરની મૂળ રચનાનો એક ભાગ, જે ઈશ્વરના બચાવ અભિયાનને જીવંત કરે છે ... ઈશ્વર તેમના હંમેશના કુટુંબ સાથે ફરીથી જોડવામાં મદદ કરે છે.

અથવા...

જે લોકો ... હજી પણ કચડાયેલી દુનિયામાં ... મુક્ત થવા માટે બધું જ અજમાવી રહ્યા છે .. આશા છે કે કોઈ તેમને બચાવશે

- તમે જાણો છો કે તમે હવે ક્યાં છો?
- શું તમે જાણો છો કે તમે શું બનવા માંગો છો?

ઈશ્વરની સુવાર્તાને જણાવવાની ઘણી રીતો છે. મહત્વની વાત સુવાર્તા જણાવવાની છે. ઈશ્વર સાંભળવા માટે હૃદય તૈયાર કરે છે અને સુવાર્તા જણાવવા માટે હૃદયનો ઉપયોગ કરે છે. તે તેમનું કામ છે. તે ફક્ત આપણને તેમનામાં જોડાવા માટે આમંત્રણ આપે છે.

સમિક્ષા

(૧ મિનિટ)

આ સત્રમાં સાંભળેલ વિભાગો:

- આધ્યાત્મિક વ્યવસ્થા
- દર્શન અને સૌથી મોટો આશીર્વાદ
- સુવાર્તા

આગળનું પગલું

આધીન

કોઈ મિત્ર સાથે આધ્યાત્મિક કાર્યોના ખ્યાલોને શેર કરવાની પ્રેક્ટિસ કરો અને ઈશ્વરને તમારા હૃદય અને આત્માની અંદર ઉંડાણપૂર્વક પ્રવેશ કરવા માટે પ્રાર્થના કરો. ઈશ્વરને પૂછો કે તે તમારી સાક્ષી કોની સાથે વહેંચશે.

જણાવવું

ઈશ્વરને પૂછો કે તે તમને મહાન આશીર્વાદ વિશે કોની સાથે શેર કરવા માંગે છે. તેમને પણ તેની પ્રેક્ટિસ કરવા કહો. તમે જાઓ અને તેમની પાસે પહોંચો તે પહેલાં આ વ્યક્તિનું નામ જુથમાં શેર કરો.

ZÚME

સત્ર ૭

ચેક-ઈન

(૧ મિનિટ)

તમામ સહભાગીઓ અને સહાયક ચેક-ઇન કરો.

અથવા zume.training/checkin અને કોડનો ઉપયોગ કરો: **1116**

પ્રાર્થના

(૫ મિનિટ)

તમારા જૂથના દરેક સભ્યને ઈસુને અનુસરવાના આશીર્વાદનો અનુભવ થાય તે માટે પ્રાર્થના કરો, બીજાઓને ઈસુને અનુસરવા દોરી જાય અને બીજાઓને નવા આધ્યાત્મિક કુટુંબો શરૂ કરવા માટે સજ્જ કરે.

પાછળ જુઓ

(૫ મિનિટ)

શરૂઆત કરતા પહેલા, પાછળ જોવા માટે થોડો સમય કાઢો.

છેલ્લા સત્રને અંતે, તમારા જૂથના દરેકને તમે જે શીખ્યા તેની પ્રેક્ટિસ કરવાનો પડકાર આપવામાં આવ્યો હતો.

આ અઠવાડિયે તમારા જૂથે કેવું પ્રદર્શન કર્યું તે જોવા માટે થોડો સમય લો.

ઝાંખી

(૧ મિનિટ)

આ સત્રમાં, અમે અમારી પધ્ધતિમાં આ સાધનનો અભ્યાસ કરીશું:

- સુવાર્તા શેર કરી રહ્યા છીએ

પ્રવૃત્તિ

(૫૦ મિનિટ)

સુવાર્તાને શેર કરવાની પ્રેક્ટિસ કરો

- બે કે ત્રણ જણના સમૂહમાં જાઓ અને ઈશ્વરની વાત એકબીજાને કહેવાની પ્રેક્ટિસ કરો.
- તમે પ્રેક્ટિસ કર્યા પછી, ચાલુ કરો. પુનરાવર્તન આત્મવિશ્વાસ લાવશે. તમારું કામ પૂરું થાય ત્યાં સુધીમાં તમે ઈશ્વરની વાત કહેવા માટે તૈયાર થઈ જશો.

સમિક્ષા

(૧ મિનિટ)

આ સત્રમાં સાંભળવા મળેલ સાધન:

- સુવાર્તા શેર કરી રહ્યા છીએ

આગળનું પગલું

આધીન

ઈશ્વરને પૂછો કે તમે સર્જન થી અંત (અથવા ઈશ્વરની વાત શેર કરવાની બીજી કોઈ રીત)નો ઉપયોગ કરવા માટે તાલીમ આપો એવું તમે કોને તાલીમ આપો એમ તે ઇચ્છે છે. તમે જાઓ તે પહેલાં આ વ્યક્તિનું નામ જૂથ માં જણાવો.

જણાવવું

આ અઠવાડિયે ઈશ્વરની વાત પર પ્રેક્ટિસ કરવામાં સમય વિતાવો અને પછી તમારી 100 વ્યક્તિની યાદીમાંથી ઓછામાં ઓછી એક વ્યક્તિ સાથે તેને શેર કરો, જેને તમે "અવિશ્વાસી" અથવા "અજ્ઞાત" તરીકે ટીકમાર્ક કર્યા છે.

ZÚME

SESSION 8

ચેક-ઈન

(૧ મિનિટ)

તમામ સહભાગીઓ અને સહાયક ચેક-ઇન કરો.

અથવા zume.training/checkin અને કોડનો ઉપયોગ કરો: **5431**

પ્રાર્થના

(૫ મિનિટ)

પ્રાર્થના કરો અને ઈશ્વરનો આભાર માનો કે તે આપણને તેમના શુભ સમાચાર અન્ય લોકો સાથે શેર કરવા આમંત્રણ આપે. તેમને કહો કે તે તમારા જૂથના દરેક સભ્યને ખ્રિસ્તનું મન આપે અને દરેકને પોતાના આત્માથી ભરી દે.

પાછળ જુઓ

(૫ મિનિટ)

શરૂઆત કરતા પહેલા, પાછળ જોવા માટે થોડો સમય કાઢો.

છેલ્લા સત્રને અંતે, તમારા જૂથના દરેકને તમે જે શીખ્યા તેની પ્રેક્ટિસ કરવાનો પડકાર આપવામાં આવ્યો હતો.

આ અઠવાડિયે તમારા જૂથે કેવું પ્રદર્શન કર્યું તે જોવા માટે થોડો સમય લો.

ઝાંખી

(૧ મિનિટ)

આ સત્રમાં, અમે આ સાધનોને અમારા સાધનોમાં ઉમેરીશું:

- બાપ્તિસ્મા
- ત્રણ મિનિટની સાક્ષી

વાંચો

(૫ મિનિટ)

બાપ્તિસ્મા

ઈસુએ કહ્યું - "જાઓ અને બધા દેશોના શિષ્યો બનાવો, તેમને પિતા અને પુત્ર અને પવિત્ર આત્માના નામે બાપ્તિસ્મા આપો ..." બાપ્તિસ્મા - અથવા મૂળ ભાષામાં બાપ્તિઝો - એટલે કે ભીંજવવુંઅથવા ડૂબાવવું - જેમ તમે કોઈ કપડાને રંગ કરો છો અને તે રંગમાં ભીંજાઈને રૂપાંતરિત થાય છે.

બાપ્તિસ્મા એ આપણા નવા જીવનનું ચિત્ર છે, જે ઈસુની છબીમાં ભીંજાયેલું છે,દેવ નીઆજ્ઞાકારીમાં રૂપાંતરિત થાય છે. તે પાપ માટે આપણા મૃત્યુનું ચિત્ર છે, ઈસુ આપણા પાપો માટે મરી ગયા;ઈસુને જે રીતે દફનાવવામાં આવ્યા તે રીતે, આપણી જૂની જીવનશૈલી નું દફન; ઈસુમાં નવા જીવનનો પુનર્જન્મ, જેમ ઈસુ સજીવન થયા અને આજે જીવે છે.

જો તમે ક્યારેય કોઈને બાપ્તિસ્મા આપ્યું ન હોય, તો તે ડરામણું લાગે છે, પરંતુ તેવું ન હોવું જોઈએ. અહીં સરળ પગલાંઆપેલા છે. નવા શિષ્યને ડૂબી જવા દેવા માટે પૂરતુંસ્થિર પાણી શોધો. આ પાણી તળાવ, નદી, સરોવર અથવા સમુદ્રનું હોયશકે છે . તે નહાવા નું ટબ અથવા એકત્રિત પાણી પણ હોઈ શકે છે.

શિષ્યને તમારા એક હાથને પકડી લેવા દો અને બીજા હાથ થી તેમની પીઠને ટેકો આપો.

તેઓએ સમજી ને નિર્ણયલીધો છે તેની ખાતરી કરવા આ બે પ્રશ્નો પૂછો.

- "શું દેવ અને તારણહાર તરીકે ઈસુ ખ્રિસ્તને પ્રાપ્ત કરો છો ?"
- "શું આજીવન રાજા તરીકેની આજ્ઞા નું પાલન કરીને તેમની સેવા કરશો?"

જો તેઓ બંનેનો જવાબ "હા" આપે છે, તો કહો:

- "કેમ કે તમે પ્રભુ ઈસુમાં તમે વિશ્વાસ મૂક્યો છે, હવે હું તમને પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે બાપ્તિસ્મા આપું છું."

તેમને પાણીમાં ડૂબવા માં મદદ કરો,સંપૂર્ણપણે ડૂબી જાય એટલે તેમને પાછા ઉભા કરો.

તમે ઈસુના નવા અનુયાયી - સ્વર્ગના નવા નાગરિક - જીવંત દેવના નવા સંતાનના રૂપે બાપ્તિસ્મા લીધું છે. આ ઉજવણીનો સમય છે!

બાપ્તિસ્મા - પ્રથમ સંસ્કાર જે ઈસુએ તેમના અનુયાયીઓને આપ્યાં અને ઝૂમ સાધનો માનો પાયો.

ચર્ચા કરો

(૧૦ મિનિટ)

- શું તમે ક્યારેય કોઈને બાપ્તિસ્મા આપ્યું છે?
- શું તમે તેના પર વિચાર પણ કરશો?
- જો મહાન આદેશ ઈસુના દરેક શિષ્ય માટે હોય, તો શું તેનો અર્થ એ છે કે દરેક શિષ્યો બીજાને બાપ્તિસ્મા આપવાની છૂટ છે? શા માટે કે કેમ નહીં?

મહત્વનું યાદ અપાવો - શું તમે બાપ્તિસ્મા લીધું છે?

જો નથી લીધું , તો અમે તમને આ તાલીમના વધુ એક સત્ર પહેલાં આ યોજના બનાવવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. જ્યારે તમે ઈસુને "હા" કહેવાની ઉજવણી કરો ત્યારે તમારા જૂથને આ મહત્વપૂર્ણ દિવસનો ભાગ બનવા માટે આમંત્રિત કરો.

વાંચો

(૫ મિનિટ)

ત્રણ મિનિટની સાક્ષી

ઈસુએ તેમના અનુયાયીઓને કહ્યું - "તમે આ બાબતોના સાક્ષી છો." ઈસુના અનુયાયીઓ અને સાક્ષી તરીકે, - ઈસુએ આપણા જીવન પર જે અસર કરી છે તે વિશે આપણે “જુબાની આપવી”જોઈએ. દેવ સાથેના સંબંધની તમારી વાર્તાને જુબાની કહેવામાં આવે છે. દરેકની પાસે એક વાર્તા હોય છે. આ તમારી કેહવાની તક છે.

જુબાની માટે એક અથવા બે અનુયાયીઓ પસંદ કરો અને પછી૧૦૦ ની સૂચિમાંથી ૫ નામો પસંદ કરો. ખાતરી કરો કે તમે "બિન-ક્રિશ્ચિયન" અથવા "અજાણ્યા આધ્યાત્મિક દરજ્જા" ના વર્ગમાં લોકોને પસંદ કરો છો. તમારી જુબાનીનો અભ્યાસ કરો - તમારી ઇસુની વાર્તા -અભ્યાસ ના ભાગીદારોને સૂચિમાંથી પસંદ કરેલા ૫ લોકોમાંથી ૧ હોવાનો ડોળ કરવાનું કહો. તમારી વાર્તાને ૫ માંથી દરેક માટે વિશિષ્ટ બનાવવાનો અભ્યાસ કરો. લગભગ ત્રણ મિનિટમાં વાર્તાનું એક નાનું સંસ્કરણ કહેવામાં તમે સમર્થ હોવા જોઈએ.

તમારી વાર્તાને આકાર આપવાની અનંત રીતો છે, પરંતુ અહીં કેટલીક સારી રીતો આપેલી છે: તમે શા માટે ઈસુને અનુસરવાનું પસંદ કર્યું તે વિશે એક સરળ નિવેદન કરો. આ નવા આસ્તિક માટે સારું રહશે. તમારી “પહેલાં” અને “પછીની” વાર્તા કરો - તમે ઈસુને જાણતા હતાં તે પહેલા તમારું જીવન કેવું હતું અને તમારું જીવન હવે કેવું છે. સરળ અને શક્તિશાળી.

તમે તમારી “સાથે” અને “વગર” વાર્તા કરો. તમારું જીવન “ઈસુ સાથે” કેવું છે અને “તેમના વિના” કેવું હશે. જો તમને નાની ઉંમરે વિશ્વાસુ બનો છે, તો તમારી વાર્તાનું આ સંસ્કરણ સારું કાર્ય કરશે.

જ્યારે તમે જુબાની સમાપ્ત કરો, ત્યારે ભાગીદાર ને તેમનો વારો લેવા દો. કહેતા રહો જ્યાં સુધી તમે બંને તમારા પાંચ પૂર્ણ કરી ન લો. વધારે અસર કરવા માંગો છો?

તમારી વાર્તાવખતે, તેને ત્રણ-ભાગ ની પ્રક્રિયાના રૂપે વિચારવામાં મદદરૂપ થાય છે:

- તેમની વાર્તા - તમે જેની સાથે વાત કરો તે વ્યક્તિને તેમની આધ્યાત્મિક યાત્રા વિશે વાર્તા કરવા કહો.
- તમારી વાર્તા - પછી તમારા જુબાનીને તેમના અનુભવની જેમ કરો.
- દેવની વાર્તા - છેવટે દેવની વાર્તાને એવી રીતે કહો કે જે તેમના વિશ્વદર્શન, મૂલ્યો અને અગ્રતા સાથે જોડાય.

તમને કેવી રીતે પ્રારંભ કરવું તે અંગે ચિંતા હોય તો - તેને સરળ રાખો.

ફક્ત તમે શા માટે ઈસુને અનુસરવાનું નક્કી કર્યું તેજણાવો. દેવ તમારી વાર્તાનો ઉપયોગ જીવન બદલવા માટે કરી શકે છે, પરંતુ યાદ રાખો - તમે જ તેને કહી શકો છો.

ઝૂમ સાધનો માં, તમારી ત્રણ-મિનિટ જુબાની એક બીજું સરળ સાધન છે.

પ્રવૃત્તિ

(30 મિનિટ)

તમારી સાક્ષી શેર કરવાની પ્રેક્ટિસ કરો

- તમારી સાક્ષી લખવા અને તેને ફક્ત ત્રણ મિનિટ માં પૂર્ણ કરવી. (૧૦ મિનિટ)
- બેથી ત્રણના જૂથોમાં સામેલ થાઓ અને જણાવવાની પ્રેક્ટિસ કરો. (૨૦ મિનિટ)

ત્રણ મૂળભૂત પ્રકારની સાક્ષીઓ

તમારી વાતને આકાર આપવા માટેની રીતો અનંત છે, પરંતુ અહીં કેટલીક રીતો વિષે વાત કરવામાં આવી છે કે જેને આપણે બહુ સારી રીતે કામ કરતી નિહાળી છે:

- સીધુંસાદું કથન - ઈસુની પાછળ ચાલવા માટે તમે શા માટે પસંદ કર્યું, એ સંબંધી તમે એક સીધાસાદા કથન વિષે તમે વાત કરી શકો છો.
- પહેલાં અને પછી - તમે તમારી “અગાઉ” અને “પછી” ને લગતી વાત કરી શકો છો. - ઈસુની ઓળખ થઈ, એ પહેલાં તમારું જીવન કેવું હતું અને અત્યારે તમારું જીવન કેવું છે ? સીધુંસાદું અને અસરકારક.
- સહિત અને રહિત - તમે તમારી ‘સહિત’ અને ‘રહિત’ વિષેની વાત કરી શકો છો - “ઈસુ સાથેનું” તમારું જીવન શેના જેવું છે, અને “તેમના વગર” નું જીવન કેવું હોત.જા તમે જુવાન વયે તેમના પર વિશ્વાસ કર્યો હશે, તો તમારી વાર્તાનું આ દર્શન સારી રીતે કાર્ય કરે છે.

તમારી સાક્ષીને જણાવવા માટેના ત્રણ ભાગો

તમે જ્યારે તમારી વાર્તા વિષે વાત કરો છો, ત્યારે એ વાર્તાના ત્રણ ભાગની પ્રક્રિયાના એક ભાગ તરીકે તેનો વિચાર કરવા મદદરૂપ બને છે:

- તેઓના સંબંધી વાર્તા - તમે જે વ્યક્તિની સાથે વાત કરી રહ્યા છો, એ વ્યક્તિને તેની આત્મિક મુસાફરી વિષે વાત કરવાનું કહો.
- તમારા વિષેની વાર્તા - એ પછી તમારા અનુભવને આધારે ગૂંથાયેલી તમારી સાક્ષી સંબંધી વાત કરો.
- ઈશ્વર વિષેની વાર્તા - છેલ્લે ઈશ્વર વિષેની વાર્તા એવી રીતે રજૂ કરો કે જે તમારા દૃષ્ટિકોણ, મૂલ્યો અને અગ્રીમતાઓ સાથે સંકળાયેલી હોય.

તમારી સાક્ષી લાંબી ન હોવી જાઈએ અથવા અસરકારક નીવડે એટલી જ વિગતો વિષે વાત કરો. વાસ્તવમાં તો, તમારી વાર્તા માટે લગભગ ૩ મિનિટનો સમય ફાળવવાથી તમે પ્રશ્નોત્તરી અને સઘન ચર્ચા માટે પૂરતો સમય આપી શકશો. જો તમે શરૂઆત કેવી રીતે કરવી, એ સંબંધી મૂંઝાઓ છો, તો એ વાર્તાને સીધુંસાદું સ્વરૂપ આપો. જીવનોમાં બદલાણ લાવવા માટે ઈશ્વર તમારી વાર્તાનો ઉપયોગ કરી શકે છે, પરંતુ એક વાત એ યાદ રાખો કે - તમારે જ એ વાર્તા કહેવાની છે.

સમિક્ષા

(૧ મિનિટ)

આ સત્રમાં સાંભળવા મળેલ સાધન:

- બાપ્તિસ્મા
- ત્રણ મિનિટની સાક્ષી

આગળનું પગલું

આધીન

જો તમે કોઈ એવી વ્યક્તિને ઓળખો છો જે ઈસુને અનુસરે છે, પણ બાપ્તિસ્મા પામ્યો નથી, તો તેઓને એમ કરવા માટે પડકારો અને તેઓને બાપ્તિસ્મા આપવાનું કહો. અથવા, કોઈ મિત્ર સાથે સબંધોની પ્રેક્ટિસ કરો.

જણાવવું

ઈશ્વરને પૂછો કે બાપ્તિસ્મા શું છે અને તે કેવી રીતે કરવું તે વિશે તમે કોની સાથે શેર કરવા માંગો છો. તેમને પણ તેની પ્રેક્ટિસ કરવા કહો. તમે જાઓ અને આગામી સત્ર પહેલાં તેમના સુધી પહોંચો તે પહેલાં આ વ્યક્તિનું નામ જૂથ સાથે શેર કરો.

ZÚME

સત્ર ૬

ચેક-ઈન

(૧ મિનિટ)

તમામ સહભાગીઓ અને સહાયક ચેક-ઇન કરો.

અથવા zume.training/checkin અને કોડનો ઉપયોગ કરો: **8768**

પ્રાર્થના

(૫ મિનિટ)

ખ્રિસ્તના મૃત્યુ, દફન અને પુનરુત્થાન સાથે એકતા સાધવાની ભેટ આપવા બદલ ઈશ્વરને પ્રાર્થના કરો અને તેમનો આભાર માનો. ઈશ્વરના પવિત્ર આત્માને કહો કે તમે સાથે મળીને તમારો સમય વિતાવે.

પાછળ જુઓ

(૫ મિનિટ)

શરૂઆત કરતા પહેલા, પાછળ જોવા માટે થોડો સમય કાઢો.

છેલ્લા સત્રને અંતે, તમારા જૂથના દરેકને તમે જે શીખ્યા તેની પ્રેક્ટિસ કરવાનો પડકાર આપવામાં આવ્યો હતો.

આ અઠવાડિયે તમારા જૂથે કેવું પ્રદર્શન કર્યું તે જોવા માટે થોડો સમય લો.

ઝાંખી

(૧ મિનિટ)

આ સત્રમાં, અમે અમારી પધ્ધતિમાં આ સાધનનો અભ્યાસ કરીશું:

- ત્રણ મિનિટની સાક્ષી

પ્રવૃત્તિ (૫૦ મિનિટ)

તમારી સાક્ષી જણાવો

- ત્રણમાંથી બે જૂથમાં ભાગ કરો અને તમારી ત્રણ મિનિટની સાક્ષીને શેર કરવાની પ્રેક્ટિસ કરો.
- તમારી ૧૦૦ ની યાદીમાંથી ૫ લોકોને પસંદ કરો. કોઈકને તે પાંચ વ્યક્તિઓમાંના દરેક હોવાનું નાટક કરવા કહો, અને તમારી સાક્ષીની એવી રીતે પ્રેક્ટિસ કરો કે જે તમને લાગે કે તે ચોક્કસ વ્યક્તિ માટે અર્થપૂર્ણ હશે.
- તમે પ્રેક્ટિસ કર્યા પછી, શરુ કરો. યાદીમાંથી કોઈ બીજાના પાંચ લોકો હોવાનું નાટક કરો. તમે સમાપ્ત કરો ત્યાં સુધીમાં, તમે લગભગ 3 મિનિટ કે તેથી ઓછા સમયમાં તમારી સાક્ષી કહેવા માટે સક્ષમ હોવા જોઈએ.

પુનરાવર્તન આત્મવિશ્વાસ વધારે છે.

સમિક્ષા

(૧ મિનિટ)

આ સત્રમાં અમલમાં મૂકાયેલ બાબત:

- ત્રણ મિનિટની સાક્ષી

આગળનું પગલું

આધીન

આ અઠવાડિયે તમારી સાક્ષીની પ્રેક્ટિસ કરવામાં સમય પસાર કરો, અને પછી તેને તમારી 100 ની યા માંથી ઓછામાં ઓછી એક વ્યક્તિ સાથે શેર કરો, જેને તમે "અવિશ્વાસી" અથવા "અજ્ઞાત" તરીકે ટીક કર્યા છે.

જણાવવું

ઈશ્વરને પૂછો કે તમે ત્રણ મિનિટની સક્ષી સાથે તાલીમ લો એવું તે કોને ઇચ્છે છે. તમે જાઓ તે પહેલાં આ વ્યક્તિનું નામ જૂથ સાથે શેર કરો.

મહત્વપૂર્ણ યાદ અપાવો - તમારું ગ્રુપ આગામી સત્રમાં લોર્ડ્સ સપરની ઉજવણી કરશે. પુરવઠો (બ્રેડ અને વાઇન/ જ્યુસ)ને યાદ રાખવાની ખાતરી કરો.

ZÚME

સત્ર ૧૦

ચેક-ઈન

(૧ મિનિટ)

તમામ સહભાગીઓ અને સહાયક ચેક-ઇન કરો.

અથવા zume.training/checkin અને કોડનો ઉપયોગ કરો: **2347**

પ્રાર્થના

(૫ મિનિટ)

ઈશ્વર આપણી સાક્ષી દ્વારા જે રીતે કાર્ય કરે છે તે માટે ઈશ્વરને પ્રાર્થના કરો અને તેમનો આભાર માનો અને સાથે મળીને તમારો સમય પસાર કરવા માટે તેમના પવિત્ર આત્માને આમંત્રિત કરો.

પાછળ જુઓ

(૫ મિનિટ)

શરૂઆત કરતા પહેલા, પાછળ જોવા માટે થોડો સમય કાઢો.

છેલ્લા સત્રને અંતે, તમારા જૂથના દરેકને તમે જે શીખ્યા તેની પ્રેક્ટિસ કરવાનો પડકાર આપવામાં આવ્યો હતો.

આ અઠવાડિયે તમારા જૂથે કેવું પ્રદર્શન કર્યું તે જોવા માટે થોડો સમય લો.

ઝાંખી

(૧ મિનિટ)

આ સત્રમાં, આપણે આ ખ્યાલો સાંભળીશું અને તેની ચર્ચા કરીશું:

- બતકની જેમ શિષ્યપણું
- ઈશ્વરનું રાજ્ય ક્યાં નથી તે જોવા માટે આંખો

અને અમે આ બાબતને અમારી યાદીમાં ઉમેરીશું:

- પ્રભુ ભોજન

વાંચો

(૫ મિનિટ)

બતકની જેમ શિષ્યપણું

ઝૂમે તાલીમ પર ફરીથી આપનું સ્વાગત છે. આ સત્રમાં, આપણે શીખીશું કે કેવી રીતે બતકનુંટોળું જે ધીમે ધીમે ચાલતાં શીખતું હોય તે આપણને શિષ્ય બનાવટના બે સૌથી મહત્વપૂર્ણ સિદ્ધાંતોને સમજવામાં મદદ કરી શકે.

શું તમે ક્યારેય ફરવા માટે નીકળેલા બતકના ટોળાને જોયો છે?

ભલે તમે વિશ્વમાં ક્યાં હોવ, તે હંમેશા એક સરખા દેખાય છે. એક માં બતક આગળ ચાલતી હોય અને તેના બચ્ચાં તેને અનુસરતા હોય છે - એક પછી એક - એક કતાર માં.માં બતક આગેવાની કરે છે . નાના બતક અનુસરે છે.

પરંતુ જો તમે નજીકથી જોશો, તો તમે જોશો કે કંઈક બીજું પણ થઈ રહ્યું છે. દરેક નાની બતક ખરેખર એક જ સમયે - બે ભૂમિકા ભજવે છે. દરેક નાની બતક એ અનુયાયી છે, કારણ કે તે માં બતક અથવા બીજી બતકની પાછળ છે જે તેની આગળ ચાલે છે.

અને, બરાબર તે જ સમયે - દરેક નાની નાની બતક એ એક લીડર છે, કારણ કે તે બતક (અથવા બતકો) ની આગેવાની કરે છે જે તેની પાછળ ચાલે છે.

તો શું બતક એક અનુયાયી અથવા આગેવાન છે? તે બંને છે. અને તેથી જબહાર ફરવા જનાર બતક સાથે શિષ્ય બનાવવાની બાબત નું સામ્ય છે.

દેવ ઇચ્છે છે કે તેમનું કુટુંબ વધતું જાય - અને તેથી તેઓ અપેક્ષા રાખે છે કે દરેક અનુયાયી નેતા બને, દરેક આસ્તિક ભાગીદાર બને અને દરેક શિષ્ય, શિષ્ય બનાવનાર બને - બરાબર એક જ સમયે.

શિષ્યો અને શિષ્યો-બનાવનાર તરીકે, આપણે જે ઝાંસા માં આવીએ છીએ તેમાંથી એક, ખોટી માન્યતા તે છે કે આપણે કંઈપણ વ્હેંચતા પહેલા, આપણે બધું જ જાણવું જોઈએ, અથવા ઘણી બધી વસ્તુઓખબર હોવી જોઈએ. પરંતુ શિષ્યવૃત્તિ આ રીતે નથીકરતી.

શિષ્ય બતક જેવા છે. આગેવાન બનવા માટે, તેઓએ બધું જ જાણવાનું જરૂરી નથી. તેઓએ માત્ર એક પગલું આગળ હોવું જોઈએ. દેવ ઇચ્છે છે કે તેમનું કુટુંબ વફાદારીમાં વૃદ્ધિ કરે - અને તેથી તેઓ અપેક્ષા રાખે છે કે દરેક આગેવાન અનુયાયી બને, દરેક ભાગીદાર આસ્તિક બને, અને દરેક શિષ્ય બનાવનાર શિષ્ય બને - બરાબર એક જ સમયે.

શિષ્યો અને શિષ્ય બનાવનારાઓ તરીકે આપણે જે વધુ એક ઝાંસા માં આવીએ છીએ તે ખોટી માન્યતા તે છે, કોઈકને બધુંજ ખબર છે અને જો આપણે તેને શોધી કાઢીએ અને તેનું પાલન કરીએ,તો પછી આપણે સફળ થઈ ગયા છીએ.

પરંતુ શિષ્યવૃત્તિ આ રીતેપણ કાર્ય નથીકરતી.

દેવના રાજ્યમાં, ફક્ત એક જ "માં બતક" છે જે આપણે બધા અનુસરીએ છીયે - અને તે -ઈસુ ખ્રિસ્ત છે. કોઈ મિશનરી નથી. કોઈ પાદરી નથી. સેમિનારી પ્રોફેસર નથી. ફક્ત ઈસુ જ આપણી આસ્થાના સંપૂર્ણ માપદંડને પાત્ર છે.

આપણા માનાં બાકીના “પ્રક્રિયામાં છે.” ઈસુની નજીક હંમેશા કોઈ એવું હશે કે જેને આપણે અનુસરી શકીએ. અને હંમેશાં કોઈક આગળ હશે જે આપણે દોરી શકે. પરંતુ આપણી સ્થિતિજે પણ હોય , આપણી આંખો - અને આપણા હૃદય - હંમેશા ઇસુ પર સંપૂર્ણ રીતે નિશ્ચિત હોવી જોઈએ.

બાઇબલમાં, પાઉલ, જેમણે ન્યુ ટેસ્ટામેન્ટનું ઘણું લખ્યું હતું અને ઘણા પ્રથમ મંડળી શરૂ કરી હતી,તેમણે ફક્ત એવું લખ્યું નથી કે - "મને અનુસરો." તેમણે લખ્યું, "હું ખ્રિસ્તને અનુસરું છું તેથી તમે મારી પાછળ આવો."

પાઉલ જાણતા હતા કે બધાં બતકશું જાણે છે અને દરેક શિષ્યને શું જાણવું જોઈએ, - દેવના રાજ્યના દરેક નેતાને અનુયાયી બનવું જોઈએ - અને આપણે બધાએ ઈસુને અનુસરવું જોઈએ.

બાઇબલમાં, પાઉલે એમ પણ લખ્યુંછે : "તમે મારી પાસેથી જે સાંભળ્યું છે ... વિશ્વાસુ માણસો સાથે વહેંચો , જે અન્ય લોકોને પણ શીખવવામાં સમર્થ હશે."

પાઉલ જાણતો હતો કે દરેક જગ્યાના બતકો શું જાણે છે અને દરેક શિષ્યને શું જાણવું જોઈએતે પણ. દેવ ના રાજ્યના દરેક અનુયાયીએ એક આગેવાન બનવું જોઈએ - અને આપણે બધાએ ઈસુની જેમ જીવવું જોઈએ, અને બીજા માટે જીવન સમર્પવું જોઈએ.

જો તમે દેવનું કુટુંબ દૂરદૂર સુધી વફાદારીમાં વધતું જોવા માંગતા હોવ, તો પછી શિસ્ય બનાવવાનો વિચાર કરો - બતકો જેવા - બરાબર એક જ સમયે અનુયાયી અને આગેવાન બનો.

ચર્ચા કરો

(૧૦ મિનિટ)

- શિષ્યાપણાનું એક ક્ષેત્ર કયું છે જેના વિશે તમે વધારે જાણવા માગો છો? (બાઇબલ વાંચવું/સમજવું, પ્રાર્થના કરવી, ઈશ્વરની વાત કહેવી વગેરે). એવી વ્યક્તિ કોણ છે જે તમને શીખવામાં મદદ કરી શકે?
- શિષ્યપણાનું એવું કયું એક ક્ષેત્ર છે જે તમને લાગે છે કે તમે બીજા લોકો સાથે વહેંચી શકો છો? કોઈ એવી વ્યક્તિ કોણ છે જેની સાથે તમે શેર કરી શકો?

વાંચો

(૫ મિનિટ)

ઈશ્વરનું રાજ્ય ક્યાં નથી તે જોવા માટે આંખો

આ સત્રમાં, આપણે શીખીશું કે જ્યારે દેવ નું રાજ્ય ન હોય ત્યારે શિષ્ય કેવી રીતે દૂર સુધી અને ઝડપથી ગુણાકાર કરી શકે છે.

મનુષ્ય તરીકે, આપણે વિચારીએ છીએ, આપણે જે વસ્તુ જોઈ શકીએ તેના પર ધ્યાન કેન્દ્રિત કરીએઅને તેના માટે કામ કરીએ છીએ. આપણે તેને વાસ્તવિકતા કહીએ છીએ. આજ રીતે વસ્તુઓ હોય છે. પરંતુ રાજ્ય ત્યારે વધુ ઝડપથી વિકસે છે જ્યારે આપણે જોઈ ન શકીએ તેવી ચીજો પર ધ્યાન કેન્દ્રિત કરીએ. જે વસ્તુઓ ત્યાં નથી. અથવા જે વસ્તુઓહજુ સુધી ત્યાં નથી.

આપણી આજુબાજુમાં એવી જગ્યાઓ છે જ્યાં દેવ ની ઇચ્છાપ્રમાણે પૃથ્વી પર કરવામાં નથી આવી રહી જેમ કે તે સ્વર્ગમાં કરવામાં આવે છે - વિશાળ દુખો, જ્યાં લાચારી છે, સતાવણીની વેદના, વેદનાઓ અને મૃત્યુ પણ સામાન્ય, રોજિંદા જીવનનો એક ભાગ છે.

દરેક શિષ્ય - ઈસુના પ્રત્યેક અનુયાયી - ફક્ત દેવ નું રાજ્ય ક્યાં છે તે જોવા માટે સમર્થ હોવા જરૂર નથી, પરંતુ જ્યાં દેવ નું રાજ્ય નથીત્યાં પણ જોવા સમર્થ હોવા જોઈએ. રાજ્યનું કામ છે પૃથ્વી પર આપણા સમય દરમિયાન એ દુખ અને તે અંધારાવાળા સ્થળોમાં પ્રવેશવું અને અંધારપટને હટાવવું અને અંધારું બંધ કરીને પ્રકાશ અને જીવન લાવવાનું કામ કરે છે.

આપણે આ બે રીત થી જોઈ શકીએ કે દેવ નું સામ્રાજ્ય ક્યાં નથી- એવા લોકો દ્વારા કે જેને આપણે પહેલેથી જ જાણીએ છીએ અને જે લોકો દ્વારા જેને આપણે હજી સુધી મળ્યા નથી.

પ્રથમ રસ્તો એ લોકો દ્વારા છે જેને આપણે પહેલાથી જાણીએ છીએ - મિત્રો અને કુટુંબીઓ, સહકર્મીઓ, સહપાઠીઓ, પડોશીઓ અને ઘણાં બીજા આપણાં જૂના સંબંધો. દેવ ની વાર્તા આ રીતે ઝડપી મુસાફરી કરે છે. આપણે આ લોકો માટે પ્રેમ અને કાળજી રાખીએ છીએ કારણ કે આપણે તેમને પહેલાથી જ જાણીએ છીએ. તે સ્વાભાવિક છે.

ઇસુએ એક સ્વાર્થી શ્રીમંત માણસની વાર્તા કહી હતી –જે જીવનમાં ઘમંડી હતો અને હવે તેને નરકમાં શિક્ષા કરવામાં આવી રહી હતી. શ્રીમંતે વિનંતી કરી - “લાજરસને મારા પિતાના ઘરે મોકલો. તેને મારા પાંચ ભાઈઓને ચેતવણી આપવા દો, જેથી તેઓ આ ભયાનક સ્થળે ના આવે."

ઈસુએ આપણને બતાવ્યું કે કેવી રીતે સ્વાર્થી અને દુખી લોકો માં પણ નજીકના લોકો માટેથોડો પ્રેમ અને ચિંતા હોય છે.

જે લોકોને આપણે જાણીએ છીએ તે આપણા જીવનમાં આવે છે કારણ કે દેવ આપણને પ્રેમ કરે છે અને ઇચ્છે છે કે આપણે તેઓને પ્રેમ કરીએ. આપણે પ્રેમ અને ધૈર્ય અને દ્રઢતાથી તે સંબંધોના સારા કારભારીઓ બનવાની જરૂર છે. શિષ્ય ગુણાકાર કરે છે જ્યારે તેઓ દેવ ની આસપાસના લોકોની ચિંતા કરે છે અને તેઓ આ વિશે કંઈક કરવાની યોજના ઘરાવે છે.

તમે તેમની સંભાળ વધારવામાં અને ફક્ત થોડા પગલાઓમાં ગુણાકારની એક સરળ યોજના બનાવવામાં મદદ કરી શકો છો. જુઓ કઈ રીતે - તેમને ૧૦૦ લોકોની સૂચિ લખવા દો જેમને તેઓ પહેલેથી જ જાણે છે. તેમને તે સૂચિને 3 વિભાગ માં વહેંચવા દો.

- જેઓ ઈસુને અનુસરે છે.
- જેઓ ઈસુને અનુસરતા નથી.
- જેમને ખાતરી નથી કે તેઓ અનુસરે છે કે નહીં.

અનુયાયીઓ માટે - શિષ્યો તેમને વધુ ફળદાયી અને વિશ્વાસુ બનવા માટે સજ્જ કરી પ્રોત્સાહિત કરી શકે છે. બિન અનુયાયીઓ માટે - શિષ્યો તેમને પ્રેમાળ દેવ સાથે કેવી રીતે વહેંચવું અને તેમનો પરિચય કરાવવો તે શીખી શકે છે. જેમને ખાતરી નથી - શિષ્યો તેમના સમયનું રોકાણ કરવાનું અને વધુ શીખાડવાનું શીખી શકે છે.

દેવ નું રાજ્ય ક્યાં નથી તે જોવાનોહજુ એક રસ્તો છે,જે લોકોને આપણે ક્યારેય મળ્યાં નથી. આ લોકો આપણી સંબંધોની બહારના છે - જે લોકોને આપણે નથી જાણતા, પડોશીઓ જેને આપણે ક્યારેય “હેલ્લો”સિવાય કઇ નથી કહ્યું, ઉદ્યોગપતિઓ અને સ્ત્રીઓ જેને આપણે શેરીમાં પસાર થતાં જોઈએ છીએ, દરેક ગામ, નગરી અથવા શહેરમાં અજાણ્યા લોકો જેની આપણે ક્યારેય મુલાકાત લીધી નથી.

ઈસુએ કહ્યું - બધા દેશોના શિષ્યો બનાવો. ઈસુએ કહ્યું - તમે બધાને મારા વિષે યરૂશાલેમમાં, બધા જુદિયામાં, સમરૂઆમાં અને પૃથ્વીના અંત સુધી કહો.

આપણે જાણીએ છીએ તે લોકો સાથે વહેંચી નેદેવ ની વાર્તા જે ઝડપી રીતે મુસાફરી કરે છે. આપણે ના જાણતા લોકો સાથે દેવની વાર્તા વ્હેંચીએ તો તે દૂરસુધી મુસાફરી કરે છે.

જો લોકોનેઆપણે નથી જાણતાં તેને પ્રેમ અને કાળજી કરીએ છીએ, તે કુદરતી નથી. તે અલૌકિક છે અને આપણા જીવનમાં કાર્યરત પવિત્ર આત્માનો પુરાવો છે. દેવ ના પસંદીદા માં બાકી રહેલા, છેલ્લા અને ખોવાયેલા છે. આ તે લોકો છે જેમના માટે તેઓ વારંવાર તેમના હૃદયથી પ્રેમ કરતાં હોય છે.

જો આપણે દેવ જેવા બનવા માંગતા હોઈએ, તો આ તેલોકો છે જેને માટે આપણે આપણા જીવનમાં રોકાણ કરવું જોઈએ. દેવ આપણે ને જવાનો આદેશ આપે છે. અને જવાનો મતલબ તે નથી કે નજીકના લોકો માટે જ જાઓ પણ વિશ્વના આધ્યાત્મિક કાળા ખૂણામાં રહેતા લોકો માટે પણ જવુંજોઈએ - જે લોકો, જેમણે કદીઆ નામ પણ સાંભળ્યું ન હતું, ઈસુ.

દેવ નો શબ્દ કહે છે - દેવ ગર્વનો વિરોધ કરે છે પરંતુ નમ્ર લોકોને આશિષ આપે છે. ઈસુના અનુયાયીઓ તરીકે, તેમણે જે મુજબ કૃપાઆપી છે તે મુજબ આપણે પણ આપવી જ જોઇએ – નમ્રલોકોને, નિરાશ લોકોને અને ખોવાયેલાને. શિષ્ય ગુણાકાર કરે છે જ્યારે તેઓ તેમના જીવનમાં દેવેમૂકેલા લોકોની ચિંતા કરે છે. શિષ્ય ત્યારે વધુ ગુણાકાર કરે છે જ્યારે અમુક લોકો જેને દેવતેમની જરાય નજીક નથી રાખતાં, તેવા લોકો માટે તેઓ ચિંતિત હોય છે. પરંતુ તે છતાંયતેમને માટે પણ યોજના કરે છે.

તમે શિષ્યોની સંભાળ વધારીને અને તેમને તાલીમ આપીને ગુણાકાર કરવાની એક સરળ યોજના બનાવી શકો છો અને તેવા લોકોને શોધવાનીજેઓ દેવ ને સાંભળવા માટે તૈયાર હોય. ઈસુએ કહ્યું - તમે કોઈ ઘરમાં પ્રવેશતાની સાથે જ કહો, "દેવ આ ઘરને શાંતિના આશીર્વાદ આપે છે." જો ત્યાં રહેતા લોકો શાંતિપૂર્ણ હશે, તો શાંતિ માટે તમારી પ્રાર્થના તેમને આશીર્વાદ આપશે. પરંતુ જો તેઓ શાંતિપૂર્ણ નહીં હોય, તો તમારી પ્રાર્થના તમારી પાસે પાછી આવશે."

આપણે એવા કોઈને કોલ કરીએ છીએ જેનેદેવે પહેલેથી જ શાંતિના વ્યક્તિને સાંભળવા તૈયાર કર્યા છે - દેવ ના સંદેશા ને પ્રતિભાવ આપનાર અને આજ્ઞા પાળવામાં અને અન્ય લોકો સાથે વહેંચે તેવો વ્યક્તિ. એવી જગ્યા જ્યાં આપણે બહુ ઓછાને જાણીએ છીએ,આપણાં મિત્રો, પરિવારો,સહકાર્યકરો, સહપાઠીઓને અને પડોશીઓ સાથે વ્હેંચવાને બદલે,આપણે શાંતિની વ્યક્તિને, તેમના સુધી કેવી રીતે પહોંચવું તેની તાલીમ આપીએ છીએ.

જ્યારે આપણે વિશ્વાસુ પર ધ્યાન કેન્દ્રિત કરીએ ત્યારે હંમેશાં શ્રેષ્ઠ પરિણામો આવે છે. યાદ રાખો કે દેવ જે કહે છે તેનું પાલન કરીને અને તેને બીજાઓ સાથે વહેંચી ને વફાદારી બતાવવામાં આવે છે.

ઈસુએ કહ્યું - થોડા બીજ સારી જમીન પર પડ્યાં જેમાથી ત્રીસ કે સાઠ અથવા સો જેટલા છૂટાછવાયા છોડ ઉગયા હતા.

- વિશ્વાસુ લોકોમાં સખત હૃદય નથી હોતા જે દેવ ના શબ્દને નકારે છે.
- વિશ્વાસુ લોકો, જ્યારે સતામણી થાય અથવા જ્યારે મુશ્કેલીઓ આવે છે ત્યારે હતાશ નથીથતાં.
- વિશ્વાસુ લોકો આ વિશ્વની ચિંતાઓથી અથવા હમેશાં ન રેહતી સંપત્તિથી વિચલિત થતા નથી.
- વિશ્વાસુ લોકો ગેરાસેનિસમાં રાક્ષસે કબ્જો કર્યા હોય તેવા માણસ જેવા છે જેમણે ઈસુએ જે બતાવ્યું હતું તેનું પાલન કર્યું અને વ્હેંચ્યું.

એક વિશ્વાસુ માણસ કે જેણે આજ્ઞા પાળી અને વહેંચી, ઘણા, ઘણા લોકો પેદા કર્યા જેઓ ઈસુને વધુ જાણવા ઇચ્છતા હતા.

રાજ્ય ક્યાં નથી તે જોવા માટે આપણે આંખો ખોલીને જોવું જોઈએ અને જે લોકોને આપણે જાણીએ છીયે તેમના દ્વારા, જે લોકોને આપણે હજુ નથી જાણતા ત્યાં સુધી પહોંચવું જોઈએ જેથી શિષ્યોનો ગુણાકારથાય અને દેવનું રાજ્ય ખૂબ ઝડપથી અને ઝડપથી વિકાસ પામે.

ચર્ચા કરો

(૧૦ મિનિટ)

- તમે કોની સાથે શેર કરવામાં વધુ આરામદાયક લાગે છે - જે લોકોને તમે પહેલેથી જ જાણો છો અથવા તમે હજી સુધી મળ્યા નથી તેવા લોકો સાથે શેર કરો છો?
- તમે શા માટે વિચારો છો કે એજ છે?
- તમે જેની સાથે ઓછા આરામદાયક છો તેમની સાથે શેર કરવામાં તમે કેવી રીતે વધુ સારા થઈ શકો છો?

વાંચો

(૫ મિનિટ)

પ્રભુ ભોજન

ઈસુએ કહ્યું - *"હું જીવતો રોટલો છું જે સ્વર્ગમાંથી નીચે આવ્યો. જે આ રોટલો ખાશે તે કાયમ જીવશે. આ રોટલી મારું માંસ છે, જે હું વિશ્વના જીવન માટે આપીશ."*

પવિત્ર મંડળ અથવા "પ્રભુનું ભોજન" ઇસુ સાથેના આપણા ઘનિષ્ઠ જોડાણ અને નિરંતર સંબંધોની ઉજવણી કરવાની એક રીત છે.

ઉજવણી કરવાની સરળ રીત છે -

જ્યારે તમે ઈસુના અનુયાયીઓ તરીકે ભેગા થશો, ત્યારે શાંતિથી ધ્યાનમાં સમય પસાર કરો, શાંતિથી તમારા પાપોને કબૂલ કરો.

કોઈએ આ ગ્રંથમાંથી આ ફકરો વાંચ્યો છે - *“કેમ કે પ્રભુતરફથી જે મને મળ્યું તે મેં તમનેપણ સોંપી દીધું. એટલે જે રાત્રે પ્રભુ ઈસુને પરસ્વાધીન કરવામાં આવ્યો,તે રાતે તેણે રોટલી લીધી અને સ્તુતિ કરીને ભાંગી, અને કહ્યું કે, “એ મારું શરીર છે,એને તમારે સારું ભાંગવામાં આવ્યું છે ”* (કરંથીઓને પહલો પત્ર ૧૧:૨૩-૨૪)

તમારા જૂથ માટે બાજુ પર રાખેલ રોટલી ને બહાર કાઢો અને ખાવ.

વાંચન ચાલુ રાખો - *“એ જ પ્રમાણે ભોજન કર્યા પછી તેણે પ્યાલો લીધો,“અને કહ્યું કે આ પ્યાલો મારા રક્ત માં નવો કરાર છે;તમે જેટલી વાર પીઓ છો, તેટલી વાર મારી યાદગીરી ને સારું તે કરો ”* (કરંથીઓને પહલો પત્ર ૧૧:૨૫)

તમારા જૂથ માટેજે રસ અથવા વાઇન રાખ્યો છે તે વહેંચો અને પીવો.

વાંચન સમાપ્ત કરો - *"કેમ કે જેટલી વાત તમે આ રોટલી ખાઓ છો અનેપ્યાલો પીઓ છો, તેટલી વાર તમે પ્રભુના આવતા સુધી તેનું મરણ પ્રગટ કરો છો."* (કરંથીઓને પહલો પત્ર ૧૧:૨૩-૨૬)

તમે પ્રભુ ના ભોજન માં ભાગીદારી કરી છે.

પ્રાર્થના અથવા ગાયન થી ઉજવણી કરો - તમે તેમના છો અને તે તમારા છે!

પ્રભુનું ભોજન – પ્રથમ મંડળી તરફથી પવિત્ર સંસ્કાર અને ઝૂમ સાધનો માં નો આવશ્યક ભાગ.

પ્રવૃત્તિ

(૧૦ મિનિટ)

સાંજના પ્રભુ ભોજન ઉજવણી કરો

- હવે પછીની ૧૦ મિનિટ તમારા જૂથ સાથે પ્રભુ ભોજનની ઉજવણી કરવામાં વિતાવો.

તમે જ્યારે ઈસુના અનુયાયીઓ તરીકે એકઠા મળો છો:

1. ત્યારે શાંતિથી યાદ કરીને તમારાં પાપોની કબૂલાત કરીને શાંત મનન કરવામાં સમય ગાળો.
2. તમે જ્યારે તૈયાર છો, ત્યારે કોઈ એક જણને પવિત્રશાસ્ત્રમાંથી નીચેનો શાસ્ત્રભાગ વાંચવા માટે જણાવો. “કેમ કે પ્રભુ તરફથી જે મને મળ્યું છે તે મેં તમને પણ સોંપી દીધું, એટલે જે રાતે પ્રભુ ઈસુને પરસ્વાધીન કરવામાં આવ્યો, તે રાતે તેણે રોટલી લીધી; અને સ્તુતિ કરીને ભાંગી, અને કહ્યું કે, “એ મારું શરીર છે, એને તમારે સારૂ ભાંગવામાં આવ્યું છે, મારી યાદગીરીને સારૂ એ કરો.” ૧ કરિંથી ૧૧:૨૩-૨૪
3. તમારા જૂથ માટે અલગ રાખેલી રોટલી વહેંચો, અને ખાઓ.
4. વાંચન ચાલુ રાખો – એ જ પ્રમાણે ભોજન કર્યા પછી તેણે પ્યાલો લીધો, અને કહ્યું કે “આ પ્યાલો મારા રક્તમાં નવો કરાર છે, તમે જેટલી વાર એમાંનું પીઓ છો, તેટલી વાર મારી યાદગીરીને સારૂ તે કરો.” ૧ કરિંથી ૧૧:૨૫
5. તમારા જૂથ માટે અલગ રાખેલો દ્રાક્ષારસ વહેંચો અને પીઓ.
6. વાંચન પૂરું કરો – “કેમ કે જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો, અને આ પ્યાલો પીઓ છો તેટલી વાર તમે પ્રભુના આવતાં સુધી તેનું મરણ પ્રગટ કરો છો.” ૧ કરિંથી ૧૧:૨૬

પ્રાર્થના અથવા ગીત ગાઈને એ વિધિ પાળો. તમે પ્રભુભોજનમાં સહભાગી બન્યા છો. તમે ખ્રિસ્તના છો, અને ખ્રિસ્ત તમારો છે!

સમિક્ષા

(૧ મિનિટ)

આ સત્રમાં સાંભળેલ વિભાગો:

- બતકની જેમ શિષ્યપણું
- ઈશ્વરનું રાજ્ય ક્યાં નથી તે જોવા માટે આંખો

આ સત્રમાં સાંભળવા મળેલ સાધન:

- પ્રભુ ભોજન

આગળનું પગલું

આધીન

જો તમારું કુટુંબ વિશ્વાસી હોય અને સ્થાનિક સ્તરે રહેતું હોય, તો તેમની સાથે પ્રભુ ભોજનનું નેતૃત્વ કરો. અથવા, એક વિશ્વાસુ મિત્ર સાથે કુશળતાનો અભ્યાસ કરો.

જણાવવું

ઈશ્વર તમારા પર જેની પણ છાપ પાડે તેની સાથે "બતકનું શિષ્યપણું" અને "સેવા ક્યાં નથી તે જોવા માટે આંખો" શેર કરો. પછી તેમને કેટલાક લોકો સાથે શેર કરવા માટે સજ્જ કરો.

ZÚME

સત્ર ૧૧

ચેક-ઈન

(૧ મિનિટ)

તમામ સહભાગીઓ અને સહાયક ચેક-ઇન કરો.

અથવા zume.training/checkin અને કોડનો ઉપયોગ કરો: **9434**

પ્રાર્થના

(૫ મિનિટ)

ઈશ્વર તમારા જીવનમાં અને તમારી આસપાસના બીજા લોકોના જીવનમાં તે કેવી રીતે કાર્ય કરે છે તેના માટે પ્રાર્થના કરો અને તેમનો આભાર માનો. જૂથ માટે પ્રાર્થના કરો કે તે જૂથને હજી સુધી કાર્ય નથી તે જોવા માટે આંખો આપે.

પાછળ જુઓ

(૫ મિનિટ)

શરૂઆત કરતા પહેલા, પાછળ જોવા માટે થોડો સમય કાઢો.

છેલ્લા સત્રને અંતે, તમારા જૂથના દરેકને તમે જે શીખ્યા તેની પ્રેક્ટિસ કરવાનો પડકાર આપવામાં આવ્યો હતો.

આ અઠવાડિયે તમારા જૂથે કેવું પ્રદર્શન કર્યું તે જોવા માટે થોડો સમય લો.

ઝાંખી

(૧ મિનિટ)

આ સત્રમાં, અમે આ બાબતનેમાં આ પધ્ધતિમાં ઉમેરીશું:

- પ્રાર્થના યાત્રા

વાંચો

(૫ મિનિટ)

પ્રાર્થના યાત્રા

દેવનું વચન કહે છે કે “આપણે બધા લોકો, રાજાઓ અને સત્તાધિકારીઓ માટે વિનંતી કરવી, પ્રાર્થના કરવી, પક્ષ લેવો જોઈએ અને આભાર માનવો જોઈએ - જેથી આપણે બધાં ધર્મનિષ્ઠામાં અને દેવ ધ્યાનમાં, શાંતિપૂર્ણ જીવન જીવી શકીએ. આ સારું છે, તારણહાર દેવને ખુશ કરે છે, જે બધા લોકોને બચાવવા અને સત્યના જ માર્ગે આવવા દેવા માંગે છે.”

પ્રાર્થનામાં ચાલવું,દેવ માટે અન્ય લોકો માટે પ્રાર્થના કરવાની આજ્ઞા નું પાલન કરવાની એક સરળ રીત છે. પ્રાર્થનામાં ચાલવું એટલે – ચાલતા ચાલતાદેવને પ્રાર્થના કરવી.

આપણી આંખો બંધ કરવા અને માથું ઝુકાવવાને બદલે, આસપાસની જરૂરિયાતો માટે આંખો ખુલ્લી રાખીને દેવને દખલ કરવા નમ્રતાથી પૂછવા માટે હૃદયથી નમવું જોઈએ. તમે બે કે ત્રણ નાના જૂથોમાં અથવા જાતે પ્રાર્થના કરી શકો છો.

જો તમે જૂથમાં જાઓ છો - દરેકને મોટેથી પ્રાર્થના કરાવો, જે તેઓ જુએ છે અને તેમની જરૂરિયાતો જે દેવે તેમના હૃદયમાં લાવવી જોઈએ તે વિશે દેવ સાથે વાતચીત કરો.

જો તમે જાતે જ જાવ છો - જો તમે રસ્તામાં મળતા કોઈની પણ સાથે પ્રાર્થના કરો તો શાંતિથી અથવા મોટેથી પ્રાર્થના કરો.

અહીં ચાર પ્રાર્થનાની રીત છે, ચાલતા દરમિયાન કઈ પ્રાર્થના કરવી જોઈએ:

- નિરીક્ષણ - તમે શું જુઓ છો? જો તમે યાર્ડમાં કોઈ બાળકનું રમકડું જોશો, તો પડોશના બાળકો, પરિવારો માટે અથવા તે વિસ્તારની શાળાઓ માટે પ્રાર્થના કરવાનું મન થશે.
- સંશોધન - તમે શું જાણો છો? જો તમે આજુબાજુ વિશે ક્યાંક વાંચ્યું હોય, અથવા તમે ત્યાં રહેતા લોકો વિશે જાણતા હશો અથવા જો તે વિસ્તારમાં ગુના અથવા અન્યાય થતો હોય. આ બાબતો વિશે પ્રાર્થના કરો અને દેવને કાર્ય કરવા પૂછો.
- પ્રકટીકરણ - કોઈ ખાસ જરૂરિયાત અથવા પ્રાર્થનાના ક્ષેત્ર માટે પવિત્ર આત્મા તમારા હૃદયને દોરી શકે છે. સાંભળો - અને પ્રાર્થના કરો!
- ધર્મ શાસ્ત્ર - તમારા ચાલવાની તૈયારીમાં દેવના શબ્દનો અમુક ભાગ વાંચ્યો હશે ત્યારે પવિત્ર આત્મા કોઈ શાસ્ત્ર ધ્યાનમાં લાવી શકેછે. તે માર્ગ વિશે અને તે વિસ્તારના લોકોને તેની કેવી અસર પડે છે તે વિશે પ્રાર્થના કરો.

અહીં પ્રભાવના પાંચ ક્ષેત્રો છે જેની પર તમે ત પ્રાર્થના દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરી શકો છો:

- સરકાર – કોર્ટ્ કચેરી,પ્રતિનિધિ મંડળ કચેરી અથવા કાયદા અમલીકરણ કચેરીઓ જેવા સરકારી કેન્દ્રો પર ધ્યાન આપો અને પ્રાર્થના કરો. તેના નેતાઓ માટે આ ક્ષેત્રની સુરક્ષા, ન્યાય અને દેવીય ડહાપણ માટે પ્રાર્થના કરો.

- વ્યવસાય અને વાણિજ્ય - નાણાકીય જિલ્લાઓ અથવા વાણિજ્યિક કેન્દ્રો પર ધ્યાન આપો અને પ્રાર્થના કરો. પ્રામાણિક રોકાણો અને સંસાધનોની સારી દેખરેખ માટે પ્રાર્થના કરો. ઉદાર અને દેવીય સહાય આપનારાઓ, જેમણે નફા કરતાં લોકોને આગળ મૂક્યા, તેવા લોકો માટે આર્થિક ન્યાય અને તક માટે પ્રાર્થના કરો.
- શિક્ષણ - શાળાઓ અને વહીવટી ઇમારતો, વ્યવસાયિક તાલીમ કેન્દ્રો, સમુદાય કોલેજો અને યુનિવર્સિટીઓ જેવા શૈક્ષણિક કેન્દ્રો પર નજર કરો અને પ્રાર્થના કરો. દેવના સત્યને શીખવવા અને તેમના વિદ્યાર્થીઓના દિમાગને સુરક્ષિત રાખવા ન્યાયી શિક્ષકો માટે પ્રાર્થના કરો. પ્રાર્થના કરો કે દેવ જુઠ્ઠાણા અથવા મૂંઝવણને પ્રોત્સાહન આપવાના દરેક પ્રયત્નોને નિષ્ફળ કરે. પ્રાર્થના કરો કે આ સ્થાનો સમજદાર નાગરિકોને મોકલશે જેઓ પાસે સેવા આપવા અને દોરી જવા માટેનું હૃદય છે.
- સંદેશા વ્યવહાર - રેડિયો સ્ટેશનો, ટીવી સ્ટેશન્સ અને અખબારના પ્રકાશકો જેવા સંદેશાવ્યવહાર કેન્દ્રોને શોધો અને પ્રાર્થના કરો. દેવની વાર્તા અને તેના અનુયાયીઓની જુબાની માટે પ્રાર્થના કરો કે તે શહેર અને સમગ્ર વિશ્વમાં ફેલાય. પ્રાર્થના કરો કે તેમનો સંદેશ તેમના માધ્યમ દ્વારા તેમના લોકોમાં પહોંચાડવામાં આવે અને તેથી દેવના લોકો દરેક જગ્યાએ દેવનું કાર્ય જોશે.
- આધ્યાત્મિકતા - આધ્યાત્મિક કેન્દ્રો જેમ કે દેવળ ઇમારતો, મસ્જિદો અથવા મંદિરો પર ધ્યાન આપો અને પ્રાર્થના કરો. પ્રાર્થના કરો કે પ્રત્યેક આધ્યાત્મિક સાધકને ઈસુમાં શાંતિ અને દિલાસો મળે અને ખોટા ધર્મથી ગેરમાર્ગે દોરે નહીં અથવા મૂંઝવણમાં ન આવે.

છેવટે, અહીં પાંચ પ્રાર્થનાઓ દરમિયાન તમે મળતા લોકો માટે પ્રાર્થના કરો તેની પાંચ રીતો છે:

જ્યારે પ્રાર્થના કરો ત્યારે, તકો માટે સાવધ રહો અને માર્ગમાં મળતા વ્યક્તિઓ અને જૂથો માટે પ્રાર્થના કરવા માટે દેવના આત્મા દ્વારા સંકેતો સાંભળો. તમે કહી શકો છો, "અમે આ સમુદાય માટે પ્રાર્થના કરી રહ્યા છીએ, શું અમે તમારા માટે પ્રાર્થના કરી શકીએ?" અથવા કહો, “હું આ ક્ષેત્ર માટે પ્રાર્થના કરું છું. તમે કંઈ છેજેને માટે અમારે પ્રાર્થના કરવી જોઈએ? ” તેમના પ્રતિસાદ સાંભળ્યા પછી તમે તેમની જરૂરિયાતો વિશે પૂછી શકો છો. જો તેઓ કહે, તો તરત જ તેમના માટે પ્રાર્થના કરો. જો દેવ દોરે છે, તો તમે અન્ય જરૂરિયાતો વિશે પણ પ્રાર્થના કરી શકો છો.

પ્રાર્થના કરવાનીપ જુદી જુદી રીતો યાદ રાખવા માટે BLESS શબ્દનો ઉપયોગ કરો:

- શરીર (આરોગ્ય)
- મજૂર (નોકરી અને ધિરાણ)
- ભાવનાત્મક (મનોબળ)
- સામાજિક (સંબંધો)
- આધ્યાત્મિક

મોટાભાગે, લોકો પ્રાર્થના માટે પૂરતી કાળજી લેતા લોકોના આભારી હોય છે.

જો તે વ્યક્તિ ખ્રિસ્તી નથી, તો તમારી પ્રાર્થના આધ્યાત્મિક વાતચીતનો માર્ગ ખોલી શકે છે અને તમારી અને દેવની વાર્તા વ્હેચવાની તક આપી શકે છે. તમે તેઓને બાઇબલ અધ્યયનનો ભાગ બનવા આમંત્રણ આપી શકો છો અથવા તો તેમના ઘરે જઈ શકો છો.

જો તે વ્યક્તિ ક્રિશ્ચિયન છે, તો તેને તમારા પ્રાર્થનાપથમાં જોડાવા આમંત્રણ આપી શકો છો અથવા કેવી રીતે પ્રાર્થના કરવી તેની તાલીમ આપી શકો છો અને પ્રભાવના ક્ષેત્રો માટે પ્રાર્થના કરવા અથવા દેવના કુટુંબને વધુ વધારવા માટે BLESS પ્રાર્થના જેવા સરળ પગલાઓનો ઉપયોગ કરી શકો છો.

પ્રાર્થનામાં ચાલવું - ઝૂમે સાધનો માનું બીજું એક સરળ સાધન.

પ્રવૃત્તિ

(૬૦ - ૯૦ મિનિટ)

પ્રાર્થના યાત્રા

- બે કે ત્રણના જૂથ પાડો અને પ્રાર્થના યાત્રાની પ્રેક્ટિસ કરવા માટે વિસ્તારમાં જાઓ.

- સ્થળ પસંદ કરવું એ તમે અત્યારે જ્યાં છો ત્યાંથી બહાર જવા જેટલું સરળ હોઈ શકે છે, અથવા તમે કોઈ ચોક્કસ મંતવ્ય પર જવાનું વિચારી શકો છો.
- ઈશ્વર દોરવણીઆપે તે મુજબ આગળ વધો અને આ પ્રવૃત્તિમાં ૬૦-૯૦ મિનિટ નો સમય વિતાવવાની યોજના બનાવો.
- આ સત્ર પ્રાર્થના યાત્રાની પ્રવૃત્તિ સાથે સમાપ્ત થાય છે.

ચાર સ્ત્રોત જે તમારી પ્રાર્થનાને દોરવણી આપી શકે છે:

1. **અવલોકન** – તમે શું જુઓ છો ? જા તમે વાડામાં બાળકનું એક રમકડું જુઓ છો, તો તમને પાડોશમાં રહેનારાં બાળકો માટે, કુટુંબો માટે કે એ વિસ્તારની શાળાઓ માટે પ્રાર્થના કરવાનું ઉત્તેજન મળી શકે છે.
2. **સંશોધન** – તમે શું જાણો છો ? જા તમે પાડોશ સંબંધી કંઈક વાંચ્યું હોય, તો ત્યાં રહેનારા લોકો સંબંધી તમે કંઈક જાણી શકો છો, અથવા તો, એ વિસ્તાર ગુનાખોરી કે અન્યાયીપણાથી પીડાય છે કે નહિ એ બાબતની તમને ખબર પડે છે. આ બાબતો માટે પ્રાર્થના કરો અને ઈશ્વરને કાર્ય કરવા માટે વિનંતી કરો.
3. **પ્રક્રીકરણ** – પવિત્ર આત્મા તમારા હૃદયને કદાચ ઢંઢોળી નાખે અને તમારા મનમાં ચોક્કસ જરૂરિયાત કે પ્રાર્થના વિનંતીનો વિચાર લાવે. ધ્યાનથી સાંભળો અને પ્રાર્થના કરો !
4. **પવિત્રશાસ્ત્ર** – તમારી યાત્રાની તૈયારી માટે તમે કદાચ ઈશ્વરનાં વચનોમાંથી કોઈક શાસ્ત્રભાગ વાંચ્યો હશે અથવા તો, તમે જ્યારે ચાલો છો ત્યારે પવિત્ર આત્મા તમારા મનમાં પવિત્રશાસ્ત્રની કોઈક કલમ લાવી શકે છે. એ શાસ્ત્રભાગ સંબંધી પ્રાર્થના કરો અને એ વિસ્તારના લોકો એ કલમોથી કેવી રીતે પ્રભાવિત થઈ શકે, એ માટે પ્રાર્થના કરો.

પ્રભાવિત પાંચ ક્ષેત્રો કે જેના દ્વારા પ્રાર્થના પર ધ્યાન કેન્દ્રિત કરવું:

1. **પવિત્રશાસ્ત્ર** – તમારી યાત્રાની તૈયારી માટે તમે કદાચ ઈશ્વરનાં વચનોમાંથી કોઈક શાસ્ત્રભાગ વાંચ્યો હશે અથવા તો, તમે જ્યારે ચાલો છો ત્યારે પવિત્ર આત્મા તમારા મનમાં પવિત્રશાસ્ત્રની કોઈક કલમ લાવી શકે છે. એ શાસ્ત્રભાગ સંબંધી પ્રાર્થના કરો અને એ વિસ્તારના લોકો એ કલમોથી કેવી રીતે પ્રભાવિત થઈ શકે, એ માટે પ્રાર્થના કરો.
2. **સરકાર** – અદાલતો, કાયદાપાલન સંલગ્ન કચેરીઓ જેવાં સરકારી કેન્દ્રો શોધી કાઢો અને તેઓના માટે પ્રાર્થના કરો. તે વિસ્તારની સુરક્ષા માટે, ન્યાયપ્રક્રિયા માટે તથા એ વિસ્તારના આગેવાનો ન્યાયી વલણ અપનાવે, એ માટે પ્રાર્થના કરો.
3. **ધંધા–રોજગાર** – બજારો કે ખરીદી વિસ્તારો જેવાં વ્યવસાયિક કેન્દ્રો શોધી કાઢો અને તેઓને માટે પ્રાર્થના કરો. યોગ્ય રોકાણ અને સ્રોતોના યોગ્ય વહીવટ માટે પ્રાર્થના કરો. આર્થિક ન્યાય, ધંધા રોજગાર માટેની તકો, તથા પોતાના નફાને બદલે લોકોનું કલ્યાણ ઈચ્છનાર ઉદાર અને પ્રામાણિક રોકાણકારો માટે પ્રાર્થના કરો.
4. **શિક્ષણ** – શાળાઓ અને વહીવટી ઓફિસો, વ્યવસાયિક તાલીમ કેન્દ્રો, કોલેજા અને વિશ્વવિધાલયો (યુનિવર્સિટીઓ) જેવી શૈક્ષણિક સંસ્થાઓની માહિતી ભેગી કરો અને તેઓને માટે પ્રાર્થના કરો. ઈશ્વર વિષેનું સત્ય શીખવીને પોતાના વિધાર્થીઓનાં મનોને સુરક્ષિત રાખનાર સારા કેળવણીકારો માટે પ્રાર્થના કરો. ખાસ પ્રાર્થના કરશો કે જૂઠાણાં કે ગૂંચવાડાને પ્રોત્સાહિત કરવાના દરેક પ્રયાસમાં ઈશ્વર હસ્તક્ષેપ કરે. પ્રાર્થના કરો કે આ સ્થળો સેવા કરનાર તથા દોરવણી આપનાર હૃદય ધરાવનાર શાણા નાગરિકો મોકલી આપે.
5. **સંદેશાવ્યવહાર** – રેડિયો સ્ટેશન, ટીવી સ્ટેશન અને સમાચારપત્ર પ્રકાશકો જેવા સંદેશાવ્યવહારનાં કેન્દ્રો શોધી કાઢો અને તેઓને માટે પ્રાર્થના કરો. ઈશ્વર વિષેની વાત અને ઈશ્વરના અનુયાયીઓની સાક્ષી આખા શહેર અને દુનિયાભરમાં પ્રસરી જાય, એ માટે પ્રાર્થના કરો. પ્રાર્થના કરશો કે ઈશ્વરનો સંદેશ તેમના માધ્યમ મારફતે તેમના લોકો સુધી પહોંચી જાય અને ઈશ્વરના દરેક જગ્યાના લોકો ઈશ્વરનું કાર્ય જાઈ શકે.
6. **આત્મિકપણું** - પ્રભુમંદિરો, મસ્જિદો અથવા મંદિરો જેવાં આત્મિક કેન્દ્રો શોધી કાઢો અને તેઓને માટે પ્રાર્થના કરો. પ્રાર્થના કરશો કે દરેક આત્મિક શોધકમિત્ર ઈસુમાં શાંતિ અને કલ્યાણ પ્રાપ્ત કરે અને કોઈ ખોટા ધર્મ મારફતે અવળે માર્ગે ફંટાઈ ન જાય કે ગૂંચવાડામાં ન પડે.

પ્રાર્થના

(૫ મિનિટ)

તમે તમારી પ્રાર્થના યાત્રાની પ્રવૃત્તિ કરો તે પહેલાં તમારા જૂથ સાથે મળીને તમારો સમય પૂરો કરવા માટે પ્રાર્થના કરવાનું ભૂલશો નહીં..

ઈશ્વરનો આભાર કે તે આપણા સહિત ખોવાયેલા, છેલ્લા અને છેલ્લા માં છેલ્લા લોકોને ચાહે છે!

> ઈશ્વરને કહો કે તે તમારા હૃદયને અને તમારી યાત્રા વખતે જે વ્યક્તિને તમે મળશો તેમના હૃદયને તેના કાર્ય માટે ખુલ્લા રહેવા માટે તૈયાર કરે.

ZÚME

સત્ર ૧૨

ચેક-ઈન

(૧ મિનિટ)

તમામ સહભાગીઓ અને સહાયક ચેક-ઇન કરો.

અથવા zume.training/checkin અને કોડનો ઉપયોગ કરો: **2348**

પ્રાર્થના

(૫ મિનિટ)

છેલ્લા સત્રમાં ઈશ્વરે જે કંઈ કર્યું તે માટે ઈશ્વરને પ્રાર્થના કરો અને તેમનો આભાર માનો, જ્યારે તમને આજ્ઞાનું પાલન કરવામાં મુશ્કેલી પડે ત્યારે ઈશ્વરને મદદ કરવા કહો અને તેમના પવિત્ર આત્માને સાથે મળીને તમારો સમય ગાળવા આમંત્રણ આપો.

પાછળ જુઓ

(૫ મિનિટ)

શરૂઆત કરતા પહેલા, પાછળ જોવા માટે થોડો સમય કાઢો.

છેલ્લા સત્રને અંતે, તમારા જૂથના દરેકને તમે જે શીખ્યા તેની પ્રેક્ટિસ કરવાનો પડકાર આપવામાં આવ્યો હતો.

આ અઠવાડિયે તમારા જૂથે કેવું પ્રદર્શન કર્યું તે જોવા માટે થોડો સમય લો.

ઝાંખી

(૧ મિનિટ)

આ સત્રમાં, આપણે આ ખ્યાલને સાંભળીશું અને તેની ચર્ચા કરીશું:

- શાંતિની વ્યક્તિ

અને અમે આ બાબતને અમારી યાદીમાં ઉમેરીશું:

- બી.એલ.ઈ.એસ.એસ. પ્રાર્થના

વાંચો

(૫ મિનિટ)

શાંતિની વ્યક્તિ

ઝૂમે તાલીમ પર આપનુંફરીથી સ્વાગત છે. પહેલાના સત્રમાં તમને શાંતિના વ્યક્તિ ના વિચાર સાથે પરિચય કરાયો હતો. આ સત્રમાં આપણે તે વ્યક્તિ કોણ હોઈ શકે અને તમે તેને કેવી રીતે ઓળખી શકો તે વિશે વધુ વિગતવાર જોઈશું.

શાંતિનો વ્યક્તિ શિષ્ય બનાવવાનું કામ ઝડપથી તે સ્થળે પણ કરી શકે છે જ્યાં ઈસુના અનુયાયીઓ ઓછા અને દૂર દૂર હોય છે.

જ્યારે ઈસુએ તેમના શિષ્યોને શિષ્યો બનાવવા માટે નવા પ્રદેશમાં મોકલ્યા, ત્યારે તેમણે તેઓને એ સરળ પણ વ્યૂહાત્મક આદેશઆપ્યો.

ઈસુએ કહ્યું - કોઈ પૈસા ના પટ્ટા નહીં, બેગ નહીં, પગરખાં નહીં; રસ્તામાં કોઈને નમસ્કાર ન કરો. તમે જે ઘરમાં પ્રવેશ કરો છો, પહેલા કહો, 'આ ઘરમાં શાંતિ રહે.' જો કોઈ શાંતિનો માણસ હોય, તો તમારી શાંતિ તેના પર રહેશે; પરંતુ જો નહીં, તો તે તમને પાછી મળશે. તે જ ઘરમાં રહો, તેઓ તમને જે આપે છે તે ખાઈ પી લો;કેમકે મજૂર તેમના વેતન માટે લાયકહોય છે. ઘરે ઘરે ફરતા ન રહો.

પરંતુ તે બધાનો અર્થ શું છે?

જ્યારે આપણે શિષ્યો બનાવવાનું વિચારીએ છીએ, ત્યારે આપણો પ્રથમ વિચાર હોઈ શકે છે - અમે અમારી આર્થિક વ્યવસ્થાને વધુ સારી રીતે સંભાળીશું. સ્પષ્ટ લક્ષ્ય પસંદ કરીશું અને ક્રિયાની સ્પષ્ટ યોજના બનાવીશું. જો ઈસુએ કહ્યું - "જાઓ", તો સારું છે કે આપણેજઈએ અને જવાનું ચાલુ રાખીએ! દરેકને કહો! સર્વત્ર !! હમેશાં !!!

પરંતુ ઈસુ, તેમની સૂચનાઓમાં, નાણાં અને ઉત્સાહ વિશે ઘણું ઓછા ચિંતિત લાગ્યા, અને એ ધ્યાનઆપવા વિશે વધુ ચિંતિતલાગ્યા. ઈસુ ઇચ્છતા હતા કે તેમના શિષ્યો શાંતિના વ્યક્તિની શોધ કરે અને રોકાણ કરે.

જ્યારે તમે એવી જગ્યાએ શિષ્યો બનાવવાની ઇચ્છા ધરાવતા હોવ જ્યાં ઘણા - અથવા કદાચ કોઈપણ –વ્યક્તિ અસ્તિત્વમાં ન હોય, તો પછી તમારું શાંતિની વ્યક્તિની શોધ કરવી એ સૌથી મહત્વપૂર્ણ કાર્ય હોઈ શકે છે.

શાંતિનો વ્યક્તિ :

- કોઈ એવી વ્યક્તિ કે જે તમારી વાર્તા, દેવ ની વાર્તા અને ઈસુના સારા સમાચાર સાંભળવા માટે તૈયાર છે.
- કોઈ પણ વ્યક્તિ જે આતિથ્યશીલ છે અને તમને તેમના ઘરે અથવા તેમના કાર્યસ્થળમાં અથવા કુટુંબ અને મિત્રો સાથેના કાર્યક્રમોમાં જોડાવા માટે તમારું સ્વાગતકરે છે.

- એવી વ્યક્તિ કે જે અન્ય લોકોને જાણે છે (અથવા અન્ય લોકો તેને જાણે છે) અને જે નાના જૂથ અથવા તો ભીડને પણ ભેગા કરવા માટે ઉત્સાહિત છે.
- ઈ વ્યક્તિ જે વિશ્વાસુ છે અને તે અન્ય લોકો સાથે જે શીખે છે તે વહેંચે છે - તમારા ગયા પછી પણ.

બાઇબલમાં, આપણે શીખીએ છીએ કે ઈસુ અને તેના અનુયાયીઓ શાંતિના માણસોને મળતા હતા જે થોડા અણઘાર્યા હોય છે- .

ગાદરીનેસના પ્રદેશમાં, ઈસુ એક રાક્ષસ-ગ્રસ્ત માણસને મળ્યા, જે એકલો અને સાંકળોમાં રહેતો હતો. આપણે તેને શાંતિના વ્યક્તિ તરીકે ક્યારેય નહીં વિચારીએ, પરંતુ તે ઈસુ પાસેથી સાંભળવા તૈયાર હતો. તે આતિથ્યશીલ હતો અને ઈસુનું, જ્યાંતે રહેતો હતો ત્યાં તેમનું સ્વાગત કર્યું. તે સારી રીતે જાણીતો હતો અને સરળતાથી તેની ભીડભેગી કરી શકતો હતો, પચી ભલે તે તેના વિચિત્ર વર્તન માટે હોય.

અને ઈસુએ શોધી કાઢ્યું કે તે વિશ્વાસપાત્ર છે અને ઈસુતેના માટે શું હતા એ તેણે તેના પરિવાર, સમુદાય અને તેના સમગ્ર દેશ સાથે વ્હેંચ્યું. હકીકતમાં, જ્યારે ઈસુ તે વિસ્તારમાં પાછા ફર્યા, ત્યારે ત્યાં ઘણા લોકો એકઠા થયા, અને તેઓએ જે માણસ વિશે તે ઘણું સાંભળ્યું હતું તેને જોઈને ઉત્સાહિત થયા.

સમારિયામાં, ઈસુ કુવા પર એક સ્ત્રીને મળ્યા. તેણી ઈસુને સાંભળવા તૈયાર હતી, આતિથ્ય શીલ રહેવા અને પીણા માટેની તેમની વિનંતીનો જવાબ આપવા તૈયાર હતી. આપણે જાણીએ છીએ કે તેના પાંચ પતિ હતાં અને છતાય હજી બીજા પુરુષ સાથે રહેતી હતી, અને તેથી નાના શહેરમાં, તેને અન્ય લોકો જાણતા હોય તેની ખાતરી હતી. અને ઈસુએ તેની સાથે વાત કર્યા પછી, તે વિશ્વાસુ હતી અને વ્હેંચતી હતી – એટલુ બધું અને એટલીઝડપથી કે આખા નગરે ઈસુને તેમની સાથે રહેવા અને તેમની સાથે વાત કરવાનું કહ્યું. અને તેમણેતેવું કર્યું.

તેથી, કોઈ શાંતિપૂર્ણ વ્યક્તિ લગભગ ક્યાંય પણ રહી શકેછે, કંઇ પણકરી શકે છે , અને તે આપણે જાણતા હોઈએ અથવા મળતા હોઈએ તેવા કોઈ પણ વ્યક્તિ હોઈ શકે છે - આપણે તેણે કેવી રીતે શોધી શકીએ ?

અહીં ત્રણ સરળ રીતો આપેલી છે -

આપણે સમુદાયના લોકોની ભલામણો માંગીશકીએ છીએ - અહીં વિશ્વાસ કરનાર કોણ છે?શું આ સ્થાન પર કોઈ એવું છે જે પોતાને પહેલાં બીજાઓનો વિચાર કરે છે? જો આપણે તે જ નામ ફરીથી અને ફરીથી સાંભળીએ - તો આપણે તેમને મળવાનો, આધ્યાત્મિક વિચારો આપવાનો પ્રયત્ન કરીવો જોઈએ, અને તેઓ સાંભળવા અને વહેંચવા માટે તૈયાર છે કે નહીં તે જોવાનો પ્રયાસ કરવો જોઈએ.

પ્રાર્થનામાં ચાલતી વખતે, અથવા કામ પર, અથવા રમતમાં - જ્યાં કોઈ પણ તક હોય ત્યાં આપણે કોઈની માટે પ્રાર્થના કરવાની પ્રસ્તાવના કરીએ છીએ, અને પછી તે પ્રાર્થનાને આધ્યાત્મિક વાતચીતમાં ફેરવવીજોઈએ.

દેવ દરેક વ્યક્તિના જીવનમાં કાર્યરત છે કે નહીં તે જોવા માટે આપણે દરેક વાતચીતમાં આધ્યાત્મિક વિચારોનો પરિચય કરાવવો જોઈએ . જો તેઓ ખુલ્લા અને તૈયાર હોય, તો આપણે પૂછવું જોઈએ કે શું તેઓ જૂથ ભેગા કરવા માટેઅને વધુ ચર્ચા કરવા તૈયાર હશે કે કેમ. ભલામણો માટે પૂછો, પ્રાર્થના કરવા માટે, આધ્યાત્મિક વિચારોનો પરિચય કરાવો. આ બધી રીતો છે જેનાથી આપણે શાંતિપૂર્ણ વ્યક્તિ શોધવાની પ્રક્રિયા શરૂ કરી શકીએ છીએ.

અને પછી ભલે આપણે તેમને કેવી રીતેપણ શોધીએ, પણ યાદ રાખો કે ઈસુએ કહ્યું હતું કે શાંતિ નો વ્યક્તિ તે વ્યક્તિ છે જેની સાથે આપણે આપણા શિષ્ય બનાવવાનો મોટાભાગનો સમય પસાર કરવો જોઈએ.

આપણા સમયનો સૌથી વધુ “ન્યાયી” ઉપયોગ, દરેકને માટેપોતાનો થોડોક સમય આપવો એવિચારવું બહુજ સરળ છે. પરંતુ ઈસુએ કહ્યું - અને બતાવ્યું - કે તેઓ નથી ઇચ્છતા કે આપણે દરેક સાથે છીછરા રહીએ પરંતુ થોડા લોકોને ઊંડાળથી આપીયે.

ઈસુ ઘણીવાર ભીડને આકર્ષિત કરતા હતા, પણ બાઇબલ આપણને વારંવાર કહે છે કે ઈસુ તે ટોળાંથી દૂર હટી જતાં અને તેમનો મોટાભાગનો સમય ફક્ત તેના નજીકના બાર અનુયાયીઓસાથે પસાર કરતાં હતાં.

એવુંઘણી વાર થયું હતું,કે ઈસુ ફક્ત ત્રણ જ લોકોના નાના જૂથ સાથે વધારે સમયનું રોકાણ કરતાં.

જો ઈસુ, જેમની પાસે ઘણી વધારે શક્તિહતી, ઘણી વધારે શશકતા, વધુ સત્તા,શિસ્ત, શાણપણ,જ્ઞાનસમજણ અને કરુણા હતી, તેમણે પોતાનો સમય ફક્ત થોડા જ લોકોમાં ગાળવાનું પસંદ કર્યું અને તેમના પોતાના શિષ્યોનેપન એવું જ કરવાનું કહ્યુંહતું, તો તે અર્થપૂર્ણ નથી કે આપણે પણ તેમના સંપૂર્ણ ઢાંચા ને અનુસરીએ અને વ્હેંચીએ ?

શાંતિ નો વ્યક્તિ.

તેઓને શોધવા સરળ નથી - કદાચ એક હજારમાં એકહોય. પરંતુ મૂલ્યવાન છુપાયેલા ખજાનોજે શોધવાને લાયક હોય, વધતા જતા દેવના કુટુંબમાં તેમનું મૂલ્ય માપી શકાતું નથી.

ચર્ચા કરો

(૧૦ મિનિટ)

- જે વ્યક્તિની "ખરાબ પ્રતિષ્ઠા" છે (જેમ કે સમરૂની સ્ત્રી અથવા ગદરેનીઓમાં રાક્ષસી પુરુષ) તે ખરેખર શાંતિની વ્યક્તિ હોઈ શકે? શા માટે અથવા કેમ નહીં?
- તમારી નજીકનો એવો કયો સમુદાય કે સમાજ છે, જેમની પાસે ઈશ્વરના રાજ્યની બહુ ઓછી (અથવા ના) હાજરી હોય એમ લાગે છે?
- શાંતિની વ્યક્તિ (જે ખુલ્લા મન વાળી ,આદરસત્કાર હોય છે, બીજાને જાણે છે અને શેર કરે છે) તે સમુદાયમાં સુવાર્તાના પ્રસારને કેવી રીતે ઝડપી બનાવી શકે?

પ્રવૃત્તિ

(૧૦ મિનિટ)

બી.એલ.ઈ.એસ.એસ. પ્રાર્થનાની પ્રેક્ટિસ કરો

- બે કે ત્રણના ગૃપ પાડો અને B.L.E.S.S. પ્રાર્થનાનાં પાંચ ક્ષેત્રો એકબીજા પર પ્રાર્થના કરવાની પ્રેક્ટિસ કરો.

BLESS પ્રાર્થના પધ્ધતિ

BLESS પ્રાર્થનાની પધ્ધતિ પાંચ રીતો જણાવે છે જે તમે કોઈ પણ સમયે મળો છો તેવા લોકો માટે, પરંતુ ખાસ કરીને પ્રાર્થના યાત્રા વખતે.

- **Social - સામાજીક** - સંબંધો
- **Body - શરીર** - (તંદુરસ્તી)
- **Labor (શ્રમ)** - (વ્યવસાય અને નાણાં)
- **Emotional (સંવેદના)** - (લાગણીશીલ)
- **Social** (સામાજીક સંબંધો)
- **Spiritual** (ઈશ્વરને વધારે નિકટથી ઓળખવા અને તેમના પર પ્રેમ રાખવો)

સમિક્ષા

(૧ મિનિટ)

આ સત્રમાં સાંભળેલ ખ્યાલો:

- શાંતિની વ્યક્તિ

આ સત્રમાં સાંભળવા મળેલ સાધન:

- બી.એલ.ઈ.એસ.એસ. પ્રાર્થના

આગળનું પગલું

આધીન આ અઠવાડિયે BLESS પધ્ધતિનો ઉપયોગ કરીને તેમની હાજરીમાં કોઈના માટે પ્રાર્થના કરો.

જણાવવું Bless પધ્ધતિનો ઉપયોગ કરીને બીજા કોઈને પ્રાર્થના કરવા માટે સજ્જ કરો અને તેઓ જેમ કરે છે તેમ તેમની સાથે કરો.

ZÚME

સત્ર ૧૩

ચેક-ઈન

(૧ મિનિટ)

તમામ સહભાગીઓ અને સહાયક ચેક-ઇન કરો.

અથવા zume.training/checkin અને કોડનો ઉપયોગ કરો: **6785**

પ્રાર્થના

(૫ મિનિટ)

તમે છેલ્લા સત્રમાં જે શીખ્યા તેના માટે પ્રાર્થના કરો અને ઈશ્વરનો આભાર માનો. ઈશ્વરના પવિત્ર આત્મા માટે પ્રાર્થના કરો કે તમે જે કંઈ શીખી રહ્યા છો તે બધું જ અમલમાં મૂકવા માટે વફાદાર રહેવામાં મદદ કરે.

પાછળ જુઓ

(૫ મિનિટ)

શરૂઆત કરતા પહેલા, પાછળ જોવા માટે થોડો સમય કાઢો.

છેલ્લા સત્રને અંતે, તમારા જૂથના દરેકને તમે જે શીખ્યા તેની પ્રેક્ટિસ કરવાનો પડકાર આપવામાં આવ્યો હતો.

આ અઠવાડિયે તમારા જૂથે કેવું પ્રદર્શન કર્યું તે જોવા માટે થોડો સમય લો.

ઝાંખી

(૧ મિનિટ)

આ સત્રમાં, આપણે આ ખ્યાલો સાંભળીશું અને તેની ચર્ચા કરીશું:

- વિશ્વાસુતા
- 3/3 જૂથ સભા

વાંચો

(૫ મિનિટ)

વિશ્વાસુતા

આ સત્રમાં, આપણે જાણીશું કે કેવી રીતે વિશ્વાસ એ જ જ્ઞાન અને તાલીમ કરતાં આધ્યાત્મિક પરિપક્વતાનું વધુ સારું માપદંડ છે. આજ એવા બે વિચારો છે જેણે મંડળી માં અનેક સમસ્યાઓ .ઉભી કરી છે.

પ્રથમ વિચાર એ છે કે કોઈની આધ્યાત્મિક પરિપક્વતા, તે વ્યક્તિ દેવના શબ્દ વિશે કેટલું જાણે છે તેની સાથે જોડાયેલ છે. તેઓ જાણે ખરી આસ્થા - અથવા રૂઢિવાદી હોવું - કોઈની આસ્થાનું સારું માપદંડ હોય તેમ વર્તે છે.

બીજો વિચારએ છે કે કોઈની પણ આગેવાની કરવાની ક્ષમતા માટે, તેઓએ પ્રચારની શરૂઆત કરતા પહેલા "સંપૂર્ણ તાલીમ" લેવી જરૂરી છે. તેઓ એમ વર્તે જાણે છે કે પૂર્ણ જ્ઞાન - કોઈની સેવા કરવાની ક્ષમતાનો સારો માપદંડ છે.

પ્રથમ વિચાર સાથે સમસ્યા તે છે કે –રૂઢિવાદી પર - અથવા "સાચી આસ્થા "વાળાપર વિશ્વાસ કરીએ તો, શેતાન, પોતે, કોઈ પણ મનુષ્ય કરતાં વધુ શાસ્ત્ર જાણે છે. દેવનો શબ્દ કહે છે - તમે માનો છો કે એક દેવ છે.

સારું છે! પણ શેતાનો પણ તેમ જ માને છે કે - અને ધ્રુજારીથાય છે.

કોઈની આધ્યાત્મિક પરિપક્વતાનું વધુ સારું માપદંડ - "યોગ્ય અભ્યાસ" છે. આપણે ફક્ત જે જાણીએ છીએ તેના આધારે પરિપક્વતાને માપવા કરતાં,આજ્ઞા પાલન અને વહેંચણીમાં વિશ્વાસ સાથે વધુ ધ્યાન આપવું જોઈએ.

બીજા વિચારની સમસ્યા –તે છે કે કોઈને તેઓની આગેવાની લેતા પહેલા સંપૂર્ણ પ્રશિક્ષણ હોવું આવશ્યક છે, તેમાંથી કોઈ એક પણ સંપૂર્ણ પ્રશિક્ષિત નથી.

ઈસુએ યુવા નેતાઓને મોકલવાનું ચાલુ કર્યું હતું જેમની પાસે રાજ્યની કેટલીક સૌથી મહત્વપૂર્ણ કામગીરી કરવાનું શીખવાની ઘણી વસ્તુઓ હતી.

દેવનો શબ્દ કહે છે - ઈસુએ તેના બાર પ્રેરિતોને સાથે રાખીને બધા રાક્ષસો અને રોગો પર સંપૂર્ણ શક્તિ આપી. પછી તેમણે તેઓને દેવના રાજ્ય વિષે જણાવવા અને બીમાર લોકોને સાજા કરવા મોકલ્યા.

આ માણસોને પીટરે ઈસુ તારણહાર છે તેવી માન્યતા બધાને કરી તે પહેલાં આ માણસોને મોકલવામાં આવ્યા હતા - જેને આપણે વિશ્વાસના પ્રથમ પગલા તરીકે વિચાર કરીશું. અને મોકલ્યા પછી પણ ઈસુએ પીટરને ઘણી વખત ભૂલો બદલ ઠપકો આપ્યો અને પીટર પછી પણ ઈસુને સંપૂર્ણપણે નકારતો રહ્યો. અન્ય અનુયાયીઓએ દલીલ કરી કે દેવના ભાવિ રાજ્યમાં કોણ મહાન છે અને દરેકની શું ભૂમિકા હશે.

તેઓ બધાને હજી ઘણું શીખવાનું હતું પરંતુ ઈસુએ તેઓને તેઓ જે પહેલેથી જ જાણતા હતા તે વહેંચવાનું કામ આપ્યું.

વિશ્વાસ – જ્ઞાન કરતા વધારે હોય –આ એવી વસ્તુ છે જેને કોઈએ ઈસુને અનુસરવાનું શરૂ કર્યુંત્યારે તરત જ શરૂ કરી શકાય.

વિશ્વાસ - તાલીમ કરતાં વધુ હોય - તે કંઈકએવું છે જે આપણને જે આપવામાં આવ્યું છે તેનાથી આપણે શું કરીશું તે માપી શકાય છે.

જો આપણે અન્ય લોકો સાથે જે સાંભળીએ છીએ તેનું પાલન કરીએ છીએ અને વ્હેંચીએ છીએ, તો આપણે વિશ્વાસુ છીએ.

જો આપણે સાંભળીએ છીએ પણ આપણે આજ્ઞા પાળવા અને વહેંચવાનું નકારીએ છીએ, તો આપણે અવિશ્વાસુ છીએ.

જે રીતે આપણે શિષ્યોનો ગુણાકાર કરીએ છીએ, ચાલો ખાતરી કરીએ કે આપણે સાચી વસ્તુઓને માપી રહ્યા છીએ.

ચર્ચા કરો

(૧૦ મિનિટ)

ઈશ્વરની આજ્ઞાનો વિચાર કરો, જે તમે જાણો છો. એ આજ્ઞા ને માનવા અને શેર કરવાની બાબતમાં તમે કેટલા "વફાદાર" છો?

વાંચો

(૪૦ મિનિટ)

3/3 જૂથ સભા

ઝુમ ટ્રેનિંગમાં આપનું સ્વાગત છે. આ સત્રમાં આપણે શીખીશું કે કેવી રીતે 3/3 (નોંધ: "ત્રણ તૃતીયાંશ " તરીકે ઉચ્ચારણ કરો) ગ્રુપ એ મળવાની એક પદ્ધતિ છે, જે ઈસુના શિષ્યો ઈસુના શિષ્યોને ઈસુની વધુ નજીકથી અનુસરવા મદદ કરે છે.

ઈસુએ કહ્યું- "જ્યાં બે કે ત્રણ લોકો મારા નામે ભેગા થયા છે, ત્યાં હું તેઓની વચ્ચે છું." આ એક શક્તિશાળી વચન છે, અને તે એક એવું વચન છે જેનો ઈસુના દરેક શિષ્યએ લાભ લેવો જોઈએ. પરંતુ જ્યારે તમે એક જૂથ તરીકે એકઠા થાવ છો, ત્યારે તમારે તમારો સમય કેવી રીતે વિતાવવો જોઈએ?

3/3 (નોંધઃ "ત્રણ તૃતીયાંશ" તરીકે ઉચ્ચારણ કરો)નું ગ્રુપ એક એવું જૂથ છે જે તેમના સમયને એકસાથે 3 ભાગમાં વિભાજિત કરે છે, જેથી તેઓ ઈસુએ આદેશ આપ્યો હોય તેવી કેટલીક સૌથી મહત્ત્વની બાબતોનું પાલન કરવાની પ્રેક્ટિસ કરી શકે.

તે આ રીતે કામ કરે છે:

- **પાછળ જુઓ** (દૃષ્ટિ - ૧/૩) જૂથનો પ્રથમ ત્રીજો ભાગ અમે સાથે રહ્યા ત્યારથી શું બન્યું છે તેના પર નજર ફેરવવામાં જ પસાર થાય છે.
- **ઉપર જુઓ** (દૃશ્ય - ૨/૩) જૂથનો વચલો ત્રીજો સમય શાસ્ત્રો, ચર્ચા અને પ્રાર્થના દ્વારા ઈશ્વરના જ્ઞાન અને માર્ગદર્શનની શોધમાં પસાર કરવામાં આવે છે.
- **આગળ જુઓ** (દૃષ્ટિ - ૩/૩) ગ્રુપનો છેલ્લો ત્રીજો સમય આપણે જે શીખ્યા છીએ તેને કેવી રીતે લાગુ પાડી શકીએ અને તેનું પાલન કરી શકીએ તેની રાહ જોવામાં પસાર થાય છે.

આ સત્રમાં તમારા જૂથને 3/3 જૂથને ટુંકમાં પૂર્વભૂમિકા સાથે માર્ગદર્શન આપવામાં આવશે, જે તમને વાસ્તવિક જીવનમાં સંપૂર્ણ પૂર્વ ભૂમિકા માટે તૈયાર કરવામાં મદદ કરશે. આધ્યાત્મિક શ્વાસોચ્છવાસનું સૂત્ર યાદ છે? શ્વાસ અંદર લો, ઈશ્વર પાસેથી સાંભળો. શ્વાસ બહાર કાઢો, તમે જે સાંભળો છો તેનું પાલન કરો અને તેને અન્ય લોકો સાથે વહેંચો. 3/3નું જૂથ આ જ છે. 3/3સમૂહ એક એવું જૂથ છે જે તેમના સમયને એકસાથે 3 ભાગમાં વિભાજિત કરે છે, જેથી તેઓ ઈશ્વર પાસેથી સાંભળવાની અને ઈસુએ આપેલી કેટલીક સૌથી મહત્ત્વની બાબતોનું પાલન કરવાની અને વહેંચવાની પ્રેક્ટિસ કરી શકે.

આ પ્રેક્ટિસ સેશન એક કલાકથી થોડું વધારે ચાલવું જોઈએ, અને તે ઝડપથી આગળ વધશે. જો તમારી પાસે કોઈ મોટું જૂથ હોય અથવા જે ઊંડી ચર્ચાઓ કરવાનું પસંદ કરતું હોય, તો તમે જૂથના એક સભ્યને તમે ઘડિયાળ અથવા ટાઇમર સાથે નજર રાખવામાં મદદ કરવા માટે કહી શકો છો.

વાસ્તવિક જીવનમાં, આ પગલાં ધીમી ગતિએ આગળ વધશે, પરંતુ જ્યારે તમે પ્રેક્ટિસ કરી રહ્યા હોવ ત્યારે ચોક્કસપણે ચાલુ રાખો જ્યાં સુધી તમારો સમય સમાપ્ત ન થાય. કોઈ પણ પગલાંને ચૂકશો નહીં - તે બધા જ મહત્ત્વના છે!

યાદ રાખો કે 3/3 ગ્રુપ એ બાઇબલ અભ્યાસ જેવું નથી- એ તો જાણી જોઈને કરવામાં આવેલું છે! આ અનુભવને મળવાની એક નવી રીત શીખવાની તક તરીકે ગણો અને જુઓ કે ઈશ્વર સાથે મળીને વિતાવેલા સમય માટે શું આયોજન કર્યું છે. જવા માટે તૈયાર છો? ચાલો શરૂ કરીએ!

પાછળ જુઓ

અમે અમારો પ્રથમ ત્રીજો ભાગનો સમય આભાર માનીને, અમારા સંઘર્ષને વહેંચીને અને અમારા જૂથના અન્ય સભ્યો માટે પ્રાર્થના કરીને એકબીજાની સંભાળ રાખીને પાછળ વળીને જોવામાં વિતાવીશું. અમે એ પણ તપાસીશું કે ગ્રુપની દરેક વ્યક્તિને અમે છેલ્લે જ્યારે સાથે હતા ત્યારે જે શીખ્યા હતા તેનું પાલન કરવાની અને જણાવવાની તક મળી છે કે નહીં.

પહેલું પગલું - "આભાર વ્યક્ત કરવો."

દરેક વ્યક્તિ કંઈક એવું જણાવવા માટે થોડો સમય કાઢે કે જેના માટે તેઓ આભારી છે. આ વિડિઓ પર હમણાં પૂર્ણ વિરામ કરો અને હમણાં જ તે કરો ... શું તમે હજી પણ ત્યાંજ છો? ખરેખર, અમે ઇચ્છીએ છીએ કે તમે થોભો અને તમારા જૂથની દરેક વ્યક્તિને કંઈક એવું જણાવો જે માટે તમે ઈશ્વરના આભારી છો. જ્યારે તમે પાછા આવશો ત્યારે અમે અહીં આવીશું. (૨ મિનિટ)

બીજું પગલું - "તમારા સંઘર્ષ જણાવો " અને "એકબીજા માટે પ્રાર્થના કરવી."

હવે તમારા જૂથની દરેક વ્યક્તિને તેઓ જેની સાથે સંઘર્ષ કરી રહ્યા છે તે કંઈક ટૂંકમાં જણાવો. તેઓ જે જણાવે છે તેના વિશે કોઈ બીજા તેમના માટે પ્રાર્થના કરો. થોભો, જણાવો અને પછી પ્રાર્થના કરો. (૮ મિનિટ)

ત્રીજું પગલું - "જૂથ પર ધ્યાન કેન્દ્રિત કરવું."

તમે જ્યારે પણ મળો ત્યારે તમે સમય કાઢીને એ યાદ રાખવા માગતા હશો કે તમે શા માટે અહી સાથે છો- ઈશ્વરને પ્રેમ કરવા , બીજાઓને પ્રેમ કરવા, ઈસુની સુવાર્તા જણાવવા અને બીજાઓને પણ ઈશ્વરની સુવાર્તા જણાવવામાં મદદ કરવા. આ સેવા પર જૂથને કેન્દ્રિત કરવા માટેની ઘણી બધી રીતો છે, પરંતુ આ પ્રેક્ટીશ કરવા માટે કોઈએ જૂથમાંથી મોટેથી માત્થી ૨૨:૩૭-૩૮ વાંચ્યું છે. થોભો રાહ જોવો , પછી વાંચો. (૨ મિનિટ)

પગલું ચાર - "ભાગ લો ."

આ એ ભાગ છે જે કેટલાક જૂથો છોડવા માંગે છે, કારણ કે તેનો અર્થ એ છે કે પ્રશ્નો પૂછવા જે ક્યારેક મુશ્કેલ હોઈ શકે છે. મહેરબાની કરીને તેમ કરશો નહીં.

ઈસુ પોતાના શિષ્યોને એટલો પ્રેમ કરતા હતા કે તેઓ કઠોર પ્રશ્નો પૂછી શકે. જો આપણે ઈસુ જેવા બનવું હોય, તો આપણે એકબીજાને એટલો પ્રેમ કરવો જોઈએ કે તે પણ એમ જ કરી શકે. આ પગલામાં, તમે જૂથમાંની દરેક વ્યક્તિને તેમણે જે સાંભળ્યું છે તેનું પાલન કરે છે કે કેમ તે અંગે જણાવશે.

ઈશ્વર તેમને કહે છે કે તમે છેલ્લી વાર તમે સાથે હતા તે કરો. દરેક ઝુમ સત્રમાં અમે આ ખાતરીસાથે અમારા આગળના પગલામાં જવાની તૈયાર કરીએ છે, જેમાં અમે તમને આજ્ઞાપાલન, સુવાર્તાની વહેચણી અને પ્રાર્થના કરવાનું કહીએ છીએ. અમે અમારા પાછળ જુઓના પગલામાં જવાબદારીનું મોડેલ તૈયાર કરીએ છીએ, જ્યાં અમે તમને તે જ ખાતરી સાથે ભાગ લેવાનું કહીએ છીએ.

જો તમે તાલીમના અત્યાર સુધી આ પગલામાં વધારે સમય નથી વિતાવી રહ્યા, તો શરૂ કરવા માટે આ સમય સારો છે.

ઈશ્વરને પ્રેમ કરવાનો એક ભાગ એ છે કે ઈશ્વર આપણને જે કહે છે તેનું પાલન કરવું. એક બીજાને પ્રેમ કરવાનો એક ભાગ એટલે કોઈને ઈશ્વર પાસેથી જે કંઈ સાભળ્યું છે તેનું પાલન કરવામાં મદદ કરવી. પ્રેમનો અર્થ થાય છે કોઈની ખાત્રીઓને ગંભીરતાથી લેવી - અને તેમને આદરપૂર્વક પ્રેમ બતાવવો - આ બધું એકજ સમયે.

થોડા થોભો અને દરેક વ્યક્તિને નીચેના પ્રશ્નોના જવાબ આપવા કહો:

- તમે અત્યાર સુધી જે શીખ્યા છો તેનું પાલન કેવી રીતે કર્યું છે?
- તમે જે શીખ્યા છો તેમાં તમે કોને તાલીમ આપી છે?
- તમે એક જૂથ તરીકે સાથે રહ્યા છો ત્યારથી તમે કોની સાથે તમારી સાક્ષી કે ઈશ્વરની સુવાર્તા જણાવી છે?

(૧૨ મિનીટ)

અમે અમારા 3/3જૂથનો પાછળ જુઓ નો વિભાગ પૂરો કરી રહ્યા છીએ, ત્યારે તમારા વિભાગને વધુ સારી રીતે આગળ લઈ જવામાં મદદરૂપ થાય તેવું અહી છે:

કેટલીકવાર જૂથમાં, એક વ્યક્તિ એવી હોઈ શકે છે જે મોટાભાગનો સમય વાતો કરવામાં પસાર કરે છે. આવું ન થવા દો. જૂથમાં દરેકનું મૂલ્ય હોય છે, તેથી ખાતરી કરો કે દરેકને જણાવવાની તક મળે. જો બીજાને બોલવાની તક ન મળતી હોય, તો હળવેથી યાદ કરાવો કે જે સૌથી વધુ વાત કરે છે તેણે દરેક વ્યક્તિને સાંભળવી જોઈએ.

ઉપર જુઓ

સાથે મળીને વિતાવેલા વચ્ચેના ત્રીજા સમય દરમિયાન, અમે ઈશ્વરના પવિત્ર આત્માને આપણા જૂથને ઈશ્વરના વચનને વધુ સારી રીતે સમજવા આમંત્રણ આપીએ છીએ. આપણે બાઇબલમાંથી એક ફકરો મોટેથી વાંચીશું અને પછી કેટલાક સરળ પ્રશ્નો ના જવાબ પૂછીશું, જેથી પરમેશ્વરના હેતુઓ અને યોજનાઓને વધુ સારી રીતે જાણી શકાય અને સમજી શકાય.

પહેલું પગલું - આગેવાની કરવા માટે ઈશ્વરના પવિત્ર આત્માને આમંત્રિત આપો

પ્રાર્થના કરવા માટે થોડો સમય કાઢો. ઈશ્વર સાથે સરળ અને સંક્ષિપ્તમાં વાત કરો. તમે જે ફકરાને વાંચવા જઈ રહ્યા છો તેમાંથી તમને શીખવવા માટે તેમના પવિત્ર આત્માને કહો. થોભો અને પ્રાર્થના કરો. (૨ મિનિટ)

બીજું પગલું – ઈશ્વરના વચન વાંચો અને પ્રશ્નો પૂછો

જૂથમાંના કોઈને બાઇબલમાંથી વાંચવાનું કહો . આ પ્રેક્ટિસ વિભાગ માટે લુક ૧૮:૯-૧૪ વાંચો. જ્યારે તમે વાંચવાનું પૂરું કરી લો, ત્યાર પછી જૂથે નીચેના બે પ્રશ્નોના જવાબ આપવા જોઈએ:

- તમને આ ફકરામાં શું ગમ્યું?
- તમને કઈ બાબત પડકારજનક કે સમજવામાં અઘરી લાગી?

જો મૌખિક શીખનારાઓ હોય - એવા લોકો કે જેઓ સારી રીતે વાંચી શકતા નથી અથવા તમારા જૂથમાં - સાંભળીને શીખવાનું પસંદ કરે છે, તો ખાતરી કરો કે તમે ઓછામાં ઓછા બે વાર આ ફકરા વાંચો છો.

થોભો રાહ જુઓ, પછી વાંચો અને પ્રશ્નોના જવાબ આપો. (૧૦ મિનિટ)

હવે બીજા કોઈને એ જ ફકરો બીજી વાર વાંચવાનું કહો અને પછી જૂથને આ બે પ્રશ્નોના જવાબ આપવા કહો:

- આ ફકરામાંથી આપણે લોકો વિશે શું શીખી શકીએ?
- આ ફકરામાંથી આપણે ઈશ્વર વિષે શું શીખી શકીએ?

યાદ રાખો કે ફકરાને વળગી રહો અને તેને સરળ રાખો! (૧૦ મિનિટ)

તે અમારા 3/3જૂથના ઉપર જુઓ વિભાગનો અંત છે, અને તમારા વિભાગોને વધુ સારી રીતે આગળ લઈ જવા માટે અહીં કંઈક છે:

ઝુમ પ્રશિક્ષણ નોધ

જ્યારે તમે ઈશ્વરના વચનનો અભ્યાસ કરતા હો, ત્યારે અન્ય પુસ્તકો, શિક્ષકો અથવા અભિપ્રાયોને બદલે તેમના શબ્દો પર ધ્યાન કેન્દ્રિત કરો. "તમને શું લાગે છે કે આનો અર્થ શું થાય છે?" એવું પૂછવાને બદલે પૂછો, "આ ફકરો શું કહે છે?" જો તમારા જૂથમાં કોઈને શીખવવું ગમતું હોય, તો તેઓને હળવેથી યાદ અપાવો કે ઈશ્વરનો પવિત્ર આત્મા અને વચન જૂથને શીખવી શકે છે. આપણે બધા સાથે મળીને અહી શીખવા માટે આવ્યા છીએ. અને ચર્ચામાં મૌન કે વિરામથી ડરશો નહીં. ઈશ્વર શાંત હોવા છતાં પણ કામ કરે છે. પોતાના શબ્દ પર ધ્યાન કેન્દ્રિત કરો, ફકરાને વળગી રહો અને બાકીનું કામ કરવા માટે ઈશ્વર પર ભરોસો રાખો.

આગળ જુઓ

આપણે સમયના છેલ્લા ત્રીજા ભાગમાં છીએ આપણે ઈશ્વરના વચનમાંથી જે શીખ્યા તેના આધારે આપણે કઈ રીતે આજ્ઞાનું પાલન કરી શકીએ અને બીજાઓને તાલીમ આપી શકીએ તે જાણવા પર ધ્યાન કેન્દ્રિત કરીશું. જૂથનો દરેક સભ્ય ઈશ્વરને થોડા સાદા પ્રશ્નો પૂછે અને પછી પ્રાર્થનામાં ઈશ્વરના જવાબની રાહ જુએ. પછી અમે અમારી ખાત્રી જણાવીએ છીએ અને તેનો અમલ કરીએ છીએ અને સાથે મળીને અમારો સમય પૂરો કરવા માટે પ્રાર્થના કરીએ છીએ.

પગલું ૧- ઈશ્વરના હેતુ માટે પ્રાર્થના કરવી

તમારા જૂથમાં દરેક વ્યક્તિને શાંતિથી પ્રાર્થના કરવા અને ઈશ્વરને આવા પ્રશ્નો પૂછવા કહો :

- હે ઈશ્વર, તમે મને જે શીખવી રહ્યા છો તે હું કેવી રીતે માનીને તેનો અમલ કરી શકું?
- આ વચન માંથી હું કોને તાલીમ આપી શકું, જેથી તેઓ તમને વધારે પ્રેમ કરવાનું અને આધીન થતાં શીખી શકે?
- મારી સાક્ષી કે ઈસુ વિષેની તમારી સુવાર્તા કોની સાથે વહેંચવા તમે મને કહેશો?

થોભો અને પછી પ્રાર્થના કરો. (૫ મિનિટ)

ઈશ્વરના પવિત્ર આત્માને પૂછો કે તે તમને ચોક્કસ ઉત્તરો, વિશિષ્ટ નામો અને વિશિષ્ટ પગલાં આપે, જે તમે અત્યારે અને તમારું જૂથ ફરીથી મળે તે વચ્ચેના સમયમાં લઈ શકો.

પગલું ૨ - પ્રતિબદ્ધતાઓ એકઠી કરવી

તમારા જૂથની દરેક વ્યક્તિને કહો કે તેઓએ દરેક પ્રશ્ન માટે ઈશ્વર પાસેથી જે સાંભળ્યું છે તે જણાવે. કોઈકે ઈશ્વર પાસેથી એક, બે કે ત્રણેય પ્રશ્નો પર કશું જ સાંભળ્યું નહીં હોય. તેઓ માત્ર એટલું જ જણાવી શકે છે કે તેઓએ સાંભળ્યું નથી.

પણ યાદ રાખો, જુથે ઈશ્વર પાસેથી સાંભળવું જોઈએ. ઈસુએ કહ્યું- "મારાં ઘેટાં મારી વાણી સાંભળે છે." અને તમારાં આજ્ઞાપાલનનાં પગલાં જેટલાં ચોક્કસ હશે, તેટલાં જ આપણે ફરી મળીએ તે પહેલાં તેનું પાલન કરવાનું સરળ બનશે.

થોભો રાહ જુઓ , અને પછી તમે જે સાંભળ્યું છે તે જણાવો. (૧૦ મિનિટ)

પગલું 3 - તમારા આયોજનની પ્રેક્ટિસ કરવી

તમે સાથે મળીને તમારો સમય પૂરો કરો તે પહેલાં, તમારા 3/3જૂથને બે કે ત્રણના નાના જૂથોમાં વિભાજિત કરો અને તમે સાંભળ્યું છે કે ઈશ્વર તમને જે કરવાનું કહે છે તેની પ્રેક્ટિસ કરો.

યાદ રાખો- પ્રેક્ટિસ એટલે આજ્ઞાપાલન, તાલીમ કે શીખવાડવું નહીં, પરંતુ તમને તે બાબતો વધુ સારી રીતે કરવા માટે સજ્જ કરે છે. દરેક નાના જૂથને પ્રાર્થનામાં સાથે મળીને તેની પ્રેક્ટિસનો સમય પૂરો કરવા કહો. ખાસ કરીને લોકો અને યોજનાઓ માટે પ્રાર્થના કરે જે ઈશ્વરે તમારા હૃદય પર મૂકી છે.

જો તમારા જૂથમાં મૌખિક શીખનારાઓ હોય, તો તમે અગાઉ વાંચેલા ઈશ્વરના વચનના ફકરાને ફરીથી વાંચવા માટે તમારી પ્રેક્ટિસનો અમુક સમય બાજુએ મૂકી દો. આ આખા જૂથને મીટિંગમાં મળતા અન્ય લોકોને જણાવવા માટે તૈયાર રહેવામાં મદદ કરશે.

થોભો રાહ જુઓ, પછી પ્રેક્ટિસ કરવા અને પ્રાર્થના કરવા માટે જૂથોમાં જાઓ. જે કોઈ પણ વ્યક્તિ પાસે કોઈ વિશિષ્ટ પ્રતિબદ્ધતાઓ ન હોય તેણે પોતાની સાક્ષી અથવા ઈશ્વરની સુવાર્તા આપવાની પ્રેક્ટિસ કરવી જોઈએ. (૧૦ મિનિટ)

સાથે મળીને સમય પૂરો કરવો

જ્યારે તમે તમારા જૂથને પાછું ભેગું કરો છો, ત્યારે ઉજવણી કરવા માટે થોડો સમય કાઢો! તમે આગળ જુઓ વિભાગ પૂરો કર્યો છે અને હવે સમગ્ર 3/3 જૂથ પધ્ધતિથી પ્રેક્ટિસ કરી છે.

તમારું જૂથ પછીના વિભાગમાં આ વિડિઓની સહાય વિના પ્રેક્ટિસ કરવાનું ચાલુ રાખશે. અન્ય લોકોને પ્રક્રિયા દરમિયાન જૂથને માર્ગદર્શન આપવા માટે પાછા વળીને ખાતરી કરો. તમારે હોશિયાર શિક્ષક બનવાની જરૂર નથી, ફક્ત આ સરળ પગલાંને અનુસરો. તમે જાઓ તે પહેલાં, તમારા વિભાગોને વધુ સારી રીતે આગળ લઈ જવામાં મદદ કરવા માટે અહીં વધુ એક સૂચન આપવામાં આવ્યું છે:

ઝુમ પ્રશિક્ષણ નોધ

સમગ્ર વિશ્વમાં, 3/3જૂથના જૂથો ઘણી વખત પ્રભુ ભોજન,અથવા ભોજન અને વધુ પ્રાસંગિક વાતચીતો સાથે મળીને તે સમયમાં કરતા હોય છે. ઈશ્વરે આપણને આ પ્રકારની સંગત આપી છે – ખાસ પ્રકારનું શિક્ષણ અને વિકાસ અને ખાસ પ્રકારનું જીવન અને સંબંધ, જે આપણને મજબૂત, પ્રોત્સાહિત કરવા અને તેમના પુત્ર, ઈસુ જેવા બનવા માટે વધુ મજબૂત બનવામાં અને નિર્માણ કરવામાં મદદ કરે છે.

અને તે જ છે - તમારા જૂથે હવે ત્રણેય ભાગોની પ્રેક્ટિસ કરી છે – આપણે છેલ્લી વખત મળ્યા ત્યારથી અત્યાર સુધીમાં આપણે શું પ્રાપ્ત કર્યું છે તે તપાસવા માટે પાછળ ફરીને જોવું, આ સમયમાં સાથે મળીને ઈશ્વર આપણને શું શીખવાનું છે તે સમજવા માટે આગળ જોવું, અને જ્યારે આપણે અલગ હોઈએ ત્યારે ઈશ્વરે આપણા હૃદય માં જે મૂક્યું છે તેને અમલમાં મૂકવા માટે આગળ જુઓ.

3/3જૂથ – મળવાથી એક સરળ અને વ્યવહારિક રીત જે આપણને ઇસુ જેવા બનવામાં મદદ કરે છે.

ચર્ચા કરો

(૫ મિનિટ)

- શું તમે 3/3 જૂથમાં અને બાઇબલ સ્ટડી અથવા નાના જૂથ વચ્ચે કોઈ તફાવત જોયો છે, જેનો તમે ભૂતકાળમાં ભાગ લેતા હતા (અથવા તેના વિશે સાંભળ્યું હોય). જો હા, તો તે તફાવતો જૂથને કેવી રીતે અસર કરશે?
- 3/3જૂથને નમુના રૂપ ચર્ચ ગણી શકાય? શા માટે અથવા કેમ નહીં?

સમિક્ષા

(૧ મિનિટ)

આ સત્રમાં સાંભળેલ વિભાગો:

- વિશ્વાસુતા
- 3/3 જૂથ સભા

આગળનું પગલું

આધીન

3/3 જૂથ પ્રેક્ટિસ દરમિયાન તમે જે નિર્ણયો કર્યા છે તેના આધારે આ અઠવાડિયે સમય વીતાવો, તાલીમ અને વહેંચણી કરો.

જણાવવું

પ્રાર્થના કરો અને ઈશ્વરને પૂછો કે તમારું જૂથ ફરી મળે તે પહેલાં તમે કોની સાથે 3/3જૂથ પધ્ધતિ શેર કરો તેવું ઈશ્વર ઇચ્છે છે. તમે જાઓ તે પહેલાં આ વ્યક્તિનું નામ જુથમાં જણાવો .

ZÚME

સત્ર ૧૪

ચેક-ઈન

(૧ મિનિટ)

તમામ સહભાગીઓ અને સહાયક ચેક-ઇન કરો.

અથવા zume.training/checkin અને કોડનો ઉપયોગ કરો: **9872**

પ્રાર્થના

(૫ મિનિટ)

ઈસુને વફાદારીપૂર્વક અનુસરવા માટે જૂથ નિર્ણય માટે ઈશ્વરને પ્રાર્થના કરો અને તેમનો આભાર માનો અને સાથે મળીને તમારો સમયને આગેવાની કરવા માટે ઈશ્વરના પવિત્ર આત્માને આમંત્રિત કરો.

પાછળ જુઓ

(૫ મિનિટ)

શરૂઆત કરતા પહેલા, પાછળ જોવા માટે થોડો સમય કાઢો.

છેલ્લા સત્રને અંતે, તમારા જૂથના દરેકને તમે જે શીખ્યા તેની પ્રેક્ટિસ કરવાનો પડકાર આપવામાં આવ્યો હતો.

આ અઠવાડિયે તમારા જૂથે કેવું પ્રદર્શન કર્યું તે જોવા માટે થોડો સમય લો.

ઝાંખી

(૧ મિનિટ)

આ સત્રમાં, અમે અમારી પધ્ધતિમાં આ સાધનનો અભ્યાસ કરીશું:

- 3/3 જૂથ સભા

પ્રવૃત્તિ

(૪૫ મિનિટ)

3/3 જૂથ સભા

- પાછળ જુઓ - એકબીજા સાથે ચેક-ઇન કરવા માટે છેલ્લા સત્રના નિરિક્ષણ, શિક્ષણ અને શેર કરો, પડકારોનો ઉપયોગ કરો. (૧૫ મિનિટ)
- જુઓ - તમારા જૂથના વાંચન ફકરા તરીકે માર્ક ૫:૧-૨૦ નો ઉપયોગ કરો અને ઉપર જુઓ સત્ર દરમિયાન ૧-૪ પ્રશ્નોના જવાબ આપો. (૧૫ મિનિટ)
- આગળ જુઓ - તમે કેવી રીતે આજ્ઞા પાલન, તાલીમ અને શેર કરશો તે વિકસાવવા માટે આગળ જુઓ સત્રમાં પ્રશ્નો ૫,૬ અને ૭ નો ઉપયોગ કરો. (૧૫ મિનિટ)

પાછળ જોઈ ગયા

પગલું ૧- આભાર માનવો

દરેક વ્યક્તિ કંઈક એવું જણાવવા માટે થોડો સમય કાઢો કે જેના માટે તેઓ આભારી છે.

પગલું ૨ – તમારા સંઘર્ષો જણાવવા અને એકબીજા માટે પ્રાર્થના કરવી

તમારા જૂથની દરેક વ્યક્તિને તેઓ જેની સાથે સંઘર્ષ કરી રહ્યા છે તે ટૂંકમાં જણાવો. તેઓ જે જણાવે છે તેના વિશે બીજા કોઈ તેમના માટે પ્રાર્થના કરે.

પગલું ૩ – જૂથમાં ધ્યાન કેન્દ્રિત કરવું

સમય કાઢો અને યાદ કરો કે તમે શા માટે અહી ભેગા થયા છો- ઈશ્વરને પ્રેમ કરવા, બીજાઓને પ્રેમ કરવા, ઈસુ વિષે જણાવવા અને બીજાઓને પણ તેને જણાવવા મદદ કરો.

પગલું 4 – ભાગ લો

દરેક વ્યક્તિને નીચેના પ્રશ્નોના જવાબ આપવા કહો:

- તમે અત્યાર સુધી જે શીખ્યા છો તેનું પાલન કેવી રીતે કર્યું છે?
- તમે જે શીખ્યા છો તેમાં તમે કોને તાલીમ આપી છે?
- તમે એક જૂથ તરીકે સાથે રહ્યા ત્યારથી તમે કોની સાથે તમારી સાક્ષી કે ઈશ્વરની વાત જણાવી છે?)

ઈશ્વર તરફ જોઈએ

પગલું ૧ - આગેવાની કરવા માટે ઈશ્વરના પવિત્ર આત્માને આમંત્રિત કરો

પ્રાર્થના કરવા માટે થોડો સમય કાઢો. ઈશ્વર સાથે સરળ અને સંક્ષિપ્તમાં વાત કરો. તમે જે ફકરાને વાંચવા જઈ રહ્યા છો તેમાંથી તમને શીખવવા માટે તેમના પવિત્ર આત્માને કહો.

પગલું ૨ – ઈશ્વરના વચનો વાંચો અને પ્રશ્નો પૂછો

જૂથમાંથી કોઈને બાઇબલમાંથી વચન વાંચવા દો. જ્યારે તમે વાંચવાનું પૂરું કરી લો, ત્યારે જૂથે નીચેના બે પ્રશ્નોના જવાબ આપવા જોઈએ:

- તમને આ ફકરામાં શું ગમ્યું?
- તમને કઈ બાબત પડકારજનક કે સમજવામાં અઘરી લાગી?

એ જ ફકરાને બીજી વાર વાંચો અને પછી જૂથ પાસે આ બે પ્રશ્નોના જવાબ આપો:

- આ ફકરામાંથી આપણે લોકો વિશે શું શીખી શકીએ?
- આ ફકરામાંથી આપણે ઈશ્વર વિષે શું શીખી શકીએ?

યાદ રાખો કે ફકરાને વળગી રહો અને તેને સરળ રાખો!

આગળ જોઈએ

પગલું ૧ - ઈશ્વરના હેતુ માટે પ્રાર્થના કરવી

તમારા જૂથમાંની દરેક વ્યક્તિને શાંતિથી પ્રાર્થના કરવા કહો અને ઈશ્વરને આવા પ્રશ્નો પૂછો:

- હે ઈશ્વર, તમે મને જે કંઈ શીખવી રહ્યા છો તેનું પાલન કરીને હું કેવી રીતે તેનો અમલ કરી શકું?
- આ ફકરામાંથી હું કોને તાલીમ આપી શકું, જેથી તેઓ તમને વધારે પ્રેમ કરવાનું અને તમને આધીન થતાં શીખી શકે?
- મારી સાક્ષી કે ઈસુ વિષેની તમારી સુવાર્તા કોની સાથે વહેંચવા તમે મને કહેશો?

ઈશ્વરના પવિત્ર આત્માને પૂછો કે તે તમને યોગ્ય ઉત્તરો, યોગ્ય નામો અને યોગ્ય પગલાં આપે, જે તમે અત્યારે અને તમારું જૂથ ફરીથી મળે તે વચ્ચેના સમયમાં લઈ શકો.

પગલું ૨ – ખાત્રીઓ એકઠી કરવી

તમારા જૂથની દરેક વ્યક્તિને કહો કે તેઓએ દરેક પ્રશ્ન માટે પ્રભુ પાસેથી જે સાંભળ્યું છે તે જણાવે. કોઈકે પ્રભુ પાસેથી એક, બે કે ત્રણેય પ્રશ્નો પર કશું જ સાંભળ્યું નહીં હોય. તેઓ માત્ર એટલું જ જણાવશે કે તેઓએ સાંભળ્યું નથી.

પણ યાદ રાખો, જુથે પ્રભુ પાસેથી સાંભળવું જોઈએ. ઈસુએ કહ્યું- "મારાં ઘેટાં મારી વાણી સાંભળે છે." અને તમારાં આજ્ઞાપાલનનાં પગલાં જેટલાં ચોક્કસ હશે, તેટલાં જ આપણે ફરી મળીશું તે પહેલાં તેમનું પાલન કરવાનું સરળ બનશે.

પગલું ૩ - તમારા આયોજનની પ્રેક્ટિસ કરવી

તમે સાથે મળીને તમારો સમય પૂરો કરો તે પહેલાં, તમારા 3/3જૂથને બે કે ત્રણના નાના જૂથોમાં વિભાજિત કરો અને તમે જે સાંભળ્યું છે અને પ્રભુ તમને જે કરવાનું કહે છે તેની પ્રેક્ટિસ કરો.

સમિક્ષા

(૧ મિનિટ)

આ સત્રમાં સાંભળવા મળેલ સાધન:

- 3/3 જૂથ સભા

આગળનું પગલું

આધીન

પ્રાર્થના કરો અને ઈશ્વર ને પૂછો કે શું તે ઇચ્છે છે કે તમે 3/3જૂથ શરૂ કરો. જો તે તેમ કરે તો તમારા ૧૦૦ લોકોની યાદી જુઓ અને ઈશ્વરને પૂછો કે તમારી સાથે જોડાવા માટે તમારે કોને આમંત્રણ આપવું જોઈએ. પછી આ અઠવાડિયે તેમને આમંત્રિત કરો અને જૂથ બનાવવા માટે ઈશ્વર પર વિશ્વાસ કરો.

જણાવવું

તમારું જૂથ ફરી મળે તે પહેલાં 3/3જૂથ પધ્ધતિ શેર કરવા માટે કોઈને શોધો. તમે જાઓ તે પહેલાં આ વ્યક્તિનું નામ જૂથ માં જાહેર કરો.

ZÚME

સત્ર ૧૫

ચેક-ઈન

(૧ મિનિટ)

તમામ સહભાગીઓ અને સહાયક ચેક-ઇન કરો.

અથવા zume.training/checkin અને કોડનો ઉપયોગ કરો: **4327**

પ્રાર્થના

(૫ મિનિટ)

પૂછો કે શું જૂથમાં કોઈને પણ વિશિષ્ટ જરૂરિયાતો છે, જો તેઓ ઇચ્છે છે કે જૂથ માટે પ્રાર્થના કરે. ઈશ્વરનો આભાર માનું છું કે જ્યારે તેના લોકો પ્રાર્થના કરે છે ત્યારે તે સાંભળે છે અને કાર્ય કરે છે ત્યારે તે તેના શબ્દમાં વચન આપે છે. ઈશ્વરના પવિત્ર આત્માને કહો કે તમે સાથે મળીને તમારો સમય વિતાવે.

પાછળ જુઓ

(૫ મિનિટ)

શરૂઆત કરતા પહેલા, પાછળ જોવા માટે થોડો સમય કાઢો.

છેલ્લા સત્રને અંતે, તમારા જૂથના દરેકને તમે જે શીખ્યા તેની પ્રેક્ટિસ કરવાનો પડકાર આપવામાં આવ્યો હતો.

આ અઠવાડિયે તમારા જૂથે કેવું પ્રદર્શન કર્યું તે જોવા માટે થોડો સમય લો.

ઝાંખી

(૧ મિનિટ)

આ સત્રમાં, આપણે આ ખ્યાલો સાંભળીશું અને તેની ચર્ચા કરીશું:

- તાલીમ ચક્ર
- આગેવાનનું જૂથ

વાંચો

(૫ મિનિટ)

તાલીમ ચક્ર

આ સત્રમાં, અમે તે તાલીમ ચક્ર શીખીશું જે શિષ્યોને એકથી ઘણાં લોકો સુધી જવામાં મદદ કરે છે અને એક મિશનને આંદોલનમાં ફેરવે છે.

તમે ક્યારેય સાયકલ ચલાવતા શીખી છે? તમે ક્યારેય કોઈ બીજાને શીખવામાં મદદ કરી છે? જો એમ હોય, તો શક્ય છે કે તમે તાલીમ ચક્ર ને પહેલેથી જ જાણતા હો.

તે નમૂનો, સહાયક, જુઓઅને છોડી દો,જેટલું સરળ છે. યાદ કરો - તમે ક્યારેયજાતે સાયકલ ચલાવતા પહેલાં, કદાચ કોઈ બીજાને પહેલા સવારી કરતો જોયો હશે.

તે નમૂનો છે.

નમૂનો, સહાયક, જુઓ અને છોડો.

નમૂનો, કોઈ બીજાને તે કેવી રીતે કરાય તેનું ઉદાહરણ બતાવી રહ્યું છે. જ્યારે બાળક પ્રથમ કોઈ બીજાને સાઇકલ ચલાવતા જુએ છે, ત્યારે તેમને તરત જ સમજાઈ જાય છે. નમૂનો તેવુંજ છે – તેને ઘણી વાર કરવાની જરૂર નથી, અને સામાન્ય રીતે તેને ફક્ત એક જ વાર કરવાની જરૂર છે.

તે પ્રથમ સાઇકલ સવારી ને યાદ કરો. શું તમે માત્ર જોવા માંગતા હતા ?કે તમે તેને અજમાવવા માટે ઉત્સાહિત હતા ? જો તમને ક્યારેય કોઈ તકજ ન આપે તો શું થાય?

ખૂબ જ નમૂના જોવા ખરેખર તાલીમ પ્રક્રિયાને નુકસાન પહોંચાડે છે. નમૂનો કોઈને થોડું બતાવવા વિશે છે - અને પછી તેને અજમાવી જોવું જોઈએ. તેથી તે પ્રથમ સવારી પર શું થયુંહતું? શું તેઓએ તમને સાયકલ આપી હતી અને ચાલ્યા ગયા હતા?

કદાચ ના. જ્યારે મોટાભાગના લોકો સાઇકલ ચલાવવાની રીત શીખે છે, ત્યારે કોઈક ત્યાં પ્રથમ પેડલ્સ મારતા શીખવવા માટેહોય છે. સાથે ચાલતા અને તમને ટ્રેક પર રાખતા.

તે સહાયક છે.

મોડેલ, **સહાયક**, જુઓ અને છોડો.

સહાયતા એ શીખનારને કુશળતાનો અભ્યાસ કરવવા માટે હોય છે પરંતુ સાથે તે ખ્યાલ રાખવામાં આવે છે કે જોરથી પડો નહીં. સહાયતા નમૂના કરતા વધુ સમય લે છે. પણ બહુ લાંબો નહીં. તેમાંકોઈનો હાથ પકડવાની જરૂર છે, થોડીક દિશા અને થોડી શિખામણની જરૂર છે, પરંતુ તે મૂળભૂત બાબતો શીખવા માટે હોય છે. તે કોઈને પરિપૂર્ણ બનાવવા વિશે નથી. તે તેમને પેડલ મારતા શીખવવા વિશે છે.

જ્યારે તમે પેડલ ચલાવવાની શરૂઆત કરી અને થોડી ઝડપ મેળવી લીધી ત્યારે તમે કલ્પના કરી શકો છો કે કોઈ તમારી સાથે ચાલતું હોય?તેઓ લાંબા સમય સુધી સાથે નહીંરહે, નહિતર તમે ક્યારેય તમારું સંતુલન રાખવાનું શીખી શકશો નહીં.

સહાય આપવી તે કોઈને ચાલતા કરવાદેવાનું છે અને તેમને તેના પોતાના મેળે થોડું વાહન ચલાવવા દેવાનું છે. અને જ્યારે તેઓ ચલાવવાનું શરૂ કરે છે, ત્યારે તેઓ રસ્તામાં આવતા નવા શીખનારા માટે ખરેખર નમૂનો કરી રહ્યાં છે. સાઇકલ પર બીજા કોઈના હાથ ન હોવાથી, તેનો અર્થ એ નથી કે તમે બધા એકલા છો. સામાન્ય રીતે કોઈતમારી પર નજર રાખી રહ્યું હોય છે - પરંતુ દૂરથી.

તે જોવાનું છે.

મોડેલ, સહાયક, **જુઓ** અને છોડો.

જોવું કોઈ શીખનારને તેમની કુશળતામાં સક્ષમ ન થાય ત્યાં સુધી પ્રભાવિત કરે છે, તેમાં પ્રવેશ્યા વિના અને નિયંત્રણમાં લીધા વિના. સાઇકલ ચલાવવામાં, કોઈ વ્યક્તિ ઝડપથી ઉઠેશકે છે અને ઝડપથી જઈ શકે છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તેઓ રસ્તાના બધા નિયમોને જાણે છે. જોવાનું એ સુનિશ્ચિત કરવાનું છે કે કોઈ પણ સલામત રહેશે - ભલે કોઈ આસપાસ ન હોય. જોવાનું ફક્ત એ સુનિશ્ચિત કરવાનું નથી કે કોઈને શું કરવું તે જાણે છે, પણ તે પણ કરી લેશેતે છે - કોઈની નજર ન હોય ત્યારે પણ.

તાલીમ ચક્રના આ તબક્કામાં, શીખનાર વધશે અને અન્યને કેવી રીતે વધવું તે શીખવશે ... તેથી તેઓ બીજાને વિકસવાનું શીખવે છે ... તેથી તેઓ બીજાઓને કેવી રીતે વિકસવું તે શીખવે છે. શિષ્ય બનાવનારા શિષ્યો જેને શિષ્યો બનાવે છે તે પણ શિષ્યો બનાવે છે. ત્રીજી અને ચોથી પેઢી સુધી બધી રીતે.

જુઓએ ખાતરી કરવાનું છે કે કોઈ શીખનાર પરિપક્વ થાય છે અને તે ફક્ત તૈયાર જ નથીથતાં, પણ અન્યને મદદ કરવામાં પણ સક્ષમ છે. જોવા માટે થોડો સમય લાગે છે. તે નમૂનો અને સહાયક, બંને મળીને દસ ગણો લાંબું હોઈ શકે છે. તે લાંબા સમય સુધી હોઈ શકે છે. પરંતુ પ્રતીક્ષા કરવી હંમેશાં યોગ્ય છે. આખરે - સવાર સાઇકલ પર સવાર થાય છે.

છોડવાનુંપણ એના વિશેજ છે.

મોડેલ, સહાયક, જુઓ અને **છોડો**.

છોડવું એ સ્નાતક થવા જેવું છે. વિદ્યાર્થી શિક્ષક બને છે. કામદાર સહકાર્યકર બને છે. શિષ્ય મિત્ર બની જાય છે. સાઇકલ સવારી માં, જે તમને સવારી શીખવે છે તે તમે કરતાં હો તે દરેક સવારી સાથે આગળ વધતો નથી. અમુક સમયે તેઓ તમારી સાથે સવાર થઈ શકે છે. અમુક સમયે તમે જુદા જુદા સવારી કરો છો, અથવા અન્ય લોકો સાથે અથવા એકલા.

છોડવું એ તમને ગમતી વ્યક્તિને છેલ્લી ભેટ આપવા જેવું છે - સ્વતંત્રતાની ભેટ. છોડવું એ કોઈને જવા માટે સજ્જ કરવું છે જ્યાં તમે પહેલેથી જ ગયા છોઅને સાથે જ જ્યાં સુધી તમે હજી સુધી ન પહોંચ્યા ત્યાં જવા માટે પણ તેમને પ્રોત્સાહિત કરો છો.

નમૂનો, સહાયક, જુઓ અને છોડો. તાલીમ ચક્ર.

એકથી ઘણા સુધી. એક હેતુ થી એક આંદોલન.

ચર્ચા કરો

(૧૦ મિનિટ)

- શું તમે ક્યારેય તાલીમ ચક્રનો ભાગ બન્યા છો?
- તમે કોને તાલીમ આપી હતી? અથવા તમને કોણે તાલીમ આપી?
- શું એક જ વ્યક્તિ જુદી કુશળતાઓ શીખતી વખતે તાલીમ ચક્રના જુદા ભાગોમાં હોઈ શકે?
- આવા કોઈને તાલીમ આપવાનું કેવું લાગશે?

વાંચો

(૫ મિનિટ)

આગેવાનનું જૂથ

આ સત્રમાં, આપણે શીખીશું કે નેતૃત્વ કોટડી કેવી રીતે જીવનકાળ માટે આગેવાનો બનવા માટે ટૂંકા સમયમાં અનુયાયીઓને તૈયાર કરે છે.

એકમાં થી બે બને છે. બે માં થી ચાર બને છે. ચાર આઠ બને છે. વ્યક્તિગત ગુણાકાર. પેઢીવધારો. ઝડપથી વૃદ્ધિ. આ જ નમૂનો છે જે દેવે તેમના સર્જન માં બનાવ્યું છે. દેવ આ રીતે તેમના કુટુંબના વિકાસનો ઇરાદો રાખે છે. આપણે પહેલેથી જ 3/3 ની રીત શીખી લીધી છે જે ગ્રાહકોને ઉત્પાદકોને, શિખનારાઓને આગેવાનો માં અને શિષ્યોને ઉત્પાદકોમાં ફેરવે છે.

પાછળ જુઓ – ઉપર જુઓ - આગળ જુઓ. જાણો - આજ્ઞા પાળો –વહેંચો.

એકસાથે મળવાની આ રીત વ્યક્તિગત વિશ્વાસીઓમાં નિરંતર આધ્યાત્મિક વિકાસ અને ઈસુના અનુયાયીઓના જૂથમાં નિરંતર પ્રજનન વિકાસ ઉત્પન્ન કરે છે. આ રીત શિષ્યોને ગુણાકાર કરવામાં મદદ કરે છે.

પરંતુ, જો જૂથ ફક્ત ટૂંકા ગાળા માટે જ હોયતોશું?શું તેઓ હજી પણ દેવના રાજ્યને વિકસાવી અને ફરીથી ઉત્પન્ન કરી શકે છે? જ્યારે તમે જાણતા હોવ કે જૂથ કેટલા લાંબા સમયસાથે સુધી રહી શકે તેની મર્યાદા હોય ત્યારે 3/3 રીતચાલુ કરવાનોએક માર્ગ નેતૃત્વ કોટડી છે.

નેતૃત્વ કોટડી , આજીવન ટકી રહેલી પ્રજનન પદ્ધતિઓ શીખવા માટે ટૂંકા સમયમાં વ્યક્તિગત વિશ્વાસીઓને સજ્જ કરે છે.

નેતૃત્વ કોટડી શીખનારાઓને આગેવાન બનવામાં મદદ કરે છે જે પછી નવા જૂથો શરૂ કરશે, નવી મંડળી ઓને તાલીમ આપશે, અને દેવના કુટુંબને વધારવા માટે વધુ નેતૃત્વ કોટડી શરૂ કરશે.

જ્યારે જૂથ ફરી શકતા હોય ત્યારે નેતૃત્વ કોટડી સારી રીતે કાર્ય કરે છે. ખ્રિસ્તીઓ, વિદ્યાર્થીઓ, સૈન્ય કર્મચારીઓ, મોસમી કામદારો કે જેઓ પહેલેથી જ ઈસુને અનુસરે છે નેતૃત્વ કોટડી માં મહાન કામ કરે છે. તેમની સંસ્કૃતિ, તેમનો વ્યવસાય અથવા તેમનાજીવનની મોસમના કારણે - તેમને સદાય માટે જૂથની સ્થાપના કરવામાં સખત મુશ્કેલી પડી શકે છે, પરંતુ તેઓ જ્યાં મુસાફરી કરે છે ત્યાં દરેક સ્થળોએ જૂથો કેવી રીતે શરૂ કરવા તેની તેમને તાલીમ આપી શકાય છે.

જ્યારે લોકોના જૂથ તે જ સમયે વિશ્વાસમાં આવે ત્યારે નેતૃત્વ કોટડી વધુ સારી રીતે કાર્ય કરે છે. એક પરિવાર, મિત્રોનું નેટવર્ક અથવા એક નાના ગામને પણ ટૂંક સમયમાં જીવનપર્યંત ઉત્પાદક બનવા માટે તાલીમ આપી શકાય છે - વ્યક્તિગતઅનુસરણ અથવા આધ્યાત્મિક શિક્ષણ વિના પણ.

પહેલાના સત્રમાં, આપણે 3/3 રીતના છેલ્લા બે ભાગો શીખ્યા અને અભ્યાસ કર્યો. હવે સંપૂર્ણ રીતનો અભ્યાસ કરશું - ત્રણેય ભાગો - પાછળ જોવું,ઉપરજોવું, આગળ જોવું.

ચર્ચા કરો

(૧૦ મિનિટ)

- શું ઈસુના શિષ્યોનું કોઈ જૂથ છે જે તમે જાણો છો કે જેઓ પહેલેથી જ મળી રહ્યા છે અથવા ઝુમ તાલીમ શીખવા માટે આગેવાની આપનાર ની રચના કરવા અને મળવા અને રચવા તૈયાર છે?
- જૂથ ને એક સાથે લાવવા માટે શું કરવું પડશે?

સમિક્ષા

(૧ મિનિટ)

આ સત્રમાં સાંભળેલ વિભાગો:

- તાલીમ ચક્ર
- આગેવાનનું જૂથ

આગળનું પગલું

આધીન

તમે ઝુમમાં શીખેલી એક કુશળતા અથવા ખ્યાલ પસંદ કરો અને તેને ચોથી પેઢીમાં પુનઃઉત્પાદિત કરવા માટે કોઈકને માર્ગદર્શન આપો.

જણાવવું

